


મા શ્રી સર્વેશ્વરીના સ્વ. માતુશ્રીના નિમિત્ત
થયેલી સમુહપ્રાર્થનામાં શ્રી યોગેશ્વરજી

# પ્રાર્થના

[પ. પૂ. મા સર્વેશ્વરીએ દક્ષિણ આફ્રિકાથી પાછાં ફરતાં તા. ૨૧-૩-૮૩ના રોજ વિમાની પ્રવાસમાં પોતાનાં માતાજી માટે પ્રભુને આર્દ્રભાવે પ્રાર્થના કરી. અને બન્યું પણ એવું જ કે તેને બીજેજ દિવસે કોઇપણ પ્રકારની ઇચ્છા, મમતા કે આસક્તિ ને ક્લેશ સિવાય, તેઓએ પોતાના ક્ષણભંગુર દેહનો પરિત્યાગ કર્યો. સાચા અર્થમાં એમનો સ્વર્ગવાસ થયો. સાચા ભાવથી કરેલી પ્રાર્થના જાણે કે તુરત જ સંભળાઇ.
-તંત્રી]

પ્રભુ મારી માતને શાંતિ ધરી દો
મમતા કેરા મૂળને કાપો
ક્લેશ બધાયે ટાળો—
પૂર્ણ કરી દો મુક્ત કરી દો
ધન્ય કરી દો આજે—
ઇચ્છાઓ સઘળી શાંત કરી દો
પ્રાર્થના સઘળી પહોંચો—
જીવન એમનું પ્રેરક બનજો
આશિષ વરસો સદાયે—

—સર્વેશ્વરી



પૂ. શ્રી સર્વેશ્વરીમાનાં માતાજી

## અંતિમ અંજલિ

વંદું તુજને વારંવાર
માડી મારા લાખ પ્રણામ.

તુજને સંતની મળી સહાય
અંતે સંતની મળી સહાય
બની ગઇ એ દિવ્ય વિદાય.

ધન્ય બન્યું તુજ જીવન માત
મળી સદ્દગતિ સંતને હાથ.

સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૪ અંક : ૮ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સહયોગ | યોગેશ્વરજી | ૩ |
| દિવ્યવિદાય | સર્વેશ્વરી | ૫ |
| જીવન ઝરમર | સર્વેશ્વરી | ૯ |
| સદ્ગતિ | યોગેશ્વરજી | ૧૨ |
| 'જનની જીવો રે ગોપીચંદની' | યોગેશ્વરજી | ૧૫ |
| 'અઘોરી'-બાબા | ભાઇલાલભાઈ છાટબાર | ૨૯ |
| "મુખેથી ગોવિંદ બોલો" | જગદીશચંદ્ર એસ. આચાર્ય | ૩૮ |
| શ્રદ્ધા આપો | રણજિત એમ. પટેલ | ૩૯ |
| પ્રભુ તવ પાસ આવ્યાં | અશ્વિન ડી. પટેલ | ૪૧ |
| પ્રકાશના પંથે | નારાયણ હ. જાની | ૪૨ |
| શ્રીમદ્ ભાગવત સુધા | પ્રા. જનાર્દન દવે | ૪૭ |
| નિરાકારના ઉપાસક મહાયોગી તોતાપુરી | નારાયણ હ. જાની | ૫૦ |
| 'કૃપા દૃષ્ટિ' | પ્રપન્નાલાલ કાજી | ૫૫ |
| ધ્યાન વિષે | મણિભાઈ શાહ | ૫૬ |
| મહાયોગી અરવિંદની અમરકૃતિ–સાવિત્રી | આશા ત્રિવેદી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ


**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ મે-૧૯૮૩ અંક : ૮


## સહયોગ

આપણે ત્યાં પુરાતનકાળથી જુદા જુદા યોગો પ્રચલિત છે. હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, ધ્યાનયોગ, લયયોગ, કુંડલિની યોગ, નાદાનુસંધાન યોગ. જીવનના આત્મિક વિકાસના સાધકોને માટે એ બધા યોગો આશીર્વાદરૂપ છે, તો પણ આપણું લક્ષ એક બીજા આવશ્યક યોગ તરફ કેન્દ્રિત કરવામાં આવે એ આવશ્યક છે. એ યોગ સહયોગ છે. સત્કર્મોના સમ્યક્ અનુષ્ઠાનને માટે સહકાર કરવાનો યોગ. આપણા વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનને સમુન્નત બનાવવા માટે એ યોગની આજે અને આવતીકાલે ખૂબ જ મોટી આવશ્યકતા છે.

દોરો એકલો હોય છે ત્યારે એટલો બધો સુદ્રઢ અને શક્તિશાળી નથી હોતો. પરંતુ બીજા દોરાઓ સાથે એનો સહયોગ સધાય છે ત્યારે એનું સ્વરૂપ બદલાઈ જાય છે. અનેક દોરાઓનું એક રજ્જુ બને છે. એ કેટલા બધા કામમાં આવે છે? એનું સામર્થ્ય કેટલું બધું વધી જાય છે? સૂર્યકિરણોનું કેન્દ્રિકરણ કરવામાં આવે છે ત્યારે એ દઝાડી પણ શકે છે અને ઉષ્મા આપે છે. પાણીને કેન્દ્રિત કરીને એની અંદરથી વિદ્યુતશક્તિનો આવિર્ભાવ કરવામાં આવે છે. કીડી એકલી હોય છે ત્યારે એટલી બધી શક્તિશાળી નથી હોતી, એ જ્યારે સહયોગ સાધે છે ત્યારે ભયંકર સાપને પણ મૂંઝવીને

મારી નાખે છે. માનવ પણ સત્કર્મોને માટે પારસ્પરિક સહયોગ સાધે તો એમનું સામર્થ્ય વધી જાય. સંઘબળની શક્તિ વિશાળ છે. એ શક્તિ સમાજનાં દુઃખદર્દને દૂર કરવાના ને બીજાની સમુન્નતિ સાધવાના સત્કર્મમાં લાગે તો એનું પરિણામ અત્યંત આશ્ચર્યકારક આવે.

વિચારોનો ભેદ હોય તો પણ એક સર્વ સામાન્ય કલ્યાણકાર્યને કાજે, એક ઉત્તમ આદર્શની સિદ્ધિને માટે સહયોગ સાધી શકાય છે. વયનો અને વ્યક્તિગત પરિસ્થિતિનો, સાક્ષરતાનો ને નિરક્ષરતાનો, ગરીબી અને અમીરીનો ભેદ પણ એમાં વચ્ચે નથી આવતો. પોતપોતાની વ્યક્તિગત વિચારધારાઓને ગૌણ ગણીને અને સમષ્ટિગત શાંતિ, સુખાકારી, સમૃદ્ધિને પ્રાધાન્ય પ્રદાન કરીને સૌ કોઈ સહયોગની ભાવનાને જીવનમાં વણી શકે છે.

સહયોગ રચનાત્મક કામોમાં કરાવો જોઇએ, ભંજનાત્મક કે ખંડનાત્મક કુકર્મોમાં ના કરાવો જોઈએ. હિંસા, ચોરી, સ્વાર્થપૂર્તિ, શોષણખોરીને માટે જે સહયોગ થાય છે એ અનર્થકારક છે, અભિનંદનીય નથી, પરંતુ સમાજને સમુન્નત કરવા માટે પ્રત્યેક ક્ષેત્રે કરાતો સહયોગ આવકારદાયક છે. એવા સહયોગ સિવાય સમાજની કાયાપલાટ કદાપિ ના કરી શકાય. —યોગેશ્વરજી

### વાંચકોને

આ અંકમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં પૂ. માતાજીના સ્વર્ગવાસ નિમિત્તે તેમની સંસ્મૃતિને અંજલિ આપતી, તેમની જીવન-ઝરમર, તેમજ અંતિમ સમયની અવસ્થાની રજુઆત કરતી વિગતો સહુને પ્રેરણા દાયક હોવાથી મૂકી છે. એ ઉપરાંત પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ—એ પ્રસંગે આપેલાં ત્રણેક પ્રવચનોનો સારભાગ મનુષ્ય માત્રને માટે બોધપ્રદ, ત્યાગ ને વૈરાગ્યની ભાવનાઓને પોષક હોવાથી ખાસ આપ્યો છે. વાંચકોને તે અવશ્ય રોચક બનશે. —તંત્રી



# દિવ્યવિદાય

—સર્વેશ્વરી

તા. ૨૨/૩/૮૩.
મંગળવાર ફાગણસુદ આઠમ.
અંતિમ વિદાયનો દિવસ.

અમારા માતાજીએ બપોરે ૧૧-૪૫ કલાકે અંતિમ શ્વાસ લીધો. હોસ્પીટલમાં શ્રીરામ જયરામની ધૂન અને સરળગીતાના બારમા અધ્યાયના ચાલુ પાઠના શ્રવણ સાથે પવિત્ર વાતાવરણમાં અંતિમ વિદાય લીધી.

માતાજીના પાર્થિવદેહને કપૂરા લાવવામાં આવ્યો. સ્નાનવિધિ અને અંતિમવિધિ બાદ અમારા ભક્તસમાજના રિવાજ મુજબ પાર્થિવદેહને નવાં કપડાંમાં સજ્જકરી બેઠેલી અવસ્થામાં ઘરના મુખ્ય ખંડમાં મૂકવામાં આવ્યો.

પાર્થિવદેહની આસપાસ પરિવારના, ગામના, સમાજના ભાઇબેનોએ. ધૂન, ભજનો શરૂ કર્યાં. સરળગીતાનું પારાયણ પણ થયું. છેક સવારથી ચાલુ થયેલી ધૂન અને ભજનો અખંડ રીતે રાતે સાડાનવ વાગ્યા સુધી ચાલુ રહ્યાં.

અમે તા. ૨૨મીએજ સાઉથ આફ્રિકાથી મુંબઇ આવ્યાં. છેક રાતે સાડા નવે અમે મુંબઇથી કપૂરા પહોંચ્યાં. અમારા પ્રવેશથી ભજનો બંધ થયાં. વાતાવરણ શાંત થઇ ગયું.

થોડા જ કલાકો પહેલાં જેમણે વિદાય લઈ લીધી હતી તે અમારા માતાજીના પાર્થિવદેહના ચરણે મેં ખૂબ સ્વસ્થતા રાખી શાંતિથી પ્રણામ કર્યા અને પાસેજ બેસી ગઈ.

પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ થોડીજ ક્ષણોમાં ઘરમાં પ્રવેશ કર્યો. પૂ. શ્રી થોડી મિનિટો સુધી દૂર ઉભા રહ્યા. પછી પૂ. શ્રી એ પોતે પુષ્પો મંગાવ્યાં. તે પુષ્પો લઇને પૂ.

શ્રી માતાજીના પાર્થિવદેહ પાસે આવ્યા અને માતાજીના મસ્તક ઉપર અને હાથ ઉપર મંત્રોચ્ચાર સાથે પુષ્પો અર્પણ કર્યાં. મંત્રોચ્ચાર બાદ પૂ. શ્રીએ શાંતિથી ઉદ્‌ગાર કાઢ્યા "એમની ચેતના અહીંજ છે, હવે સદ્‌ગતિ થઈ રહી છે."

થોડીજ ક્ષણો પછી પૂ. શ્રીએ એક પુષ્પહાર પણ માતાજીને અર્પણ કર્યો. વાતાવરણમાં સંપૂર્ણ શાંતિ હતી.

શાંત વાતાવરણ વચ્ચે મેં સ્વસ્થતાથી રામધૂન શરૂ કરી. થોડીજ વારમાં અંતિમ યાત્રાની તૈયારી થઈ ગઈ.

અમારા ભક્તસમાજના રિવાજ મુજબ ફૂલોથી શણગારેલી પાલખી ઘરમાં લાવવામાં આવી. પાલખીમાં માતાજીના પાર્થિવદેહને મૂકતાં પહેલાં અમારા પિતાજી, અને પરિવારના સભ્યોએ માતાજીને પુષ્પહાર અર્પણ કરી પ્રણામ કર્યા.

ઘરની બહાર ઉભેલા જનસમુદાયે ભક્તસમાજના રિવાજ મુજબ તબલા મંજીરા સાથે કબીરસાહેબના વૈરાગ્યભર્યા ભજનો ગાવાનાં શરૂ કર્યાં. ત્યારે પાલખી બહાર લાવવામાં આવી. એમનું એક ભજન આવું હતું.

### ભજન

તું તો રામરટણ કર રંગમાં
તારું જાય છે જુવાનીનું જોર,
અવસર આવો નહિ મળે.

જીરે કાચો રે કુંભ જલે ભર્યો,
તેને ફૂટતાં રે,
તેને ફૂટતાં નહિ લાગે વાર, અવસર આવો નહિ મળે.
જીરે કાચા સૂતરનો તાંતણો,
તેને તૂટતાં રે,
તેને તૂટતાં નહિ લાગે વાર, અવસર આવો નહિ મળે.



જીરે વાડી ખીલીને ફૂલ્યો મોગરો,
તેને કરમાતાં રે,
તેને કરમાતાં નહિ લાગે વાર, અવસર આવો નહિ મળે.
જીરે બાજીગરે બાજી રચી,
એને સમેટતાં રે,
એને સમેટતાં નહિ લાગે વાર, અવસર આવો નહિ મળે.
જીરે પાંચ તત્ત્વનું પૂતળું રે
માંહી બોલન રે,
માંહી બોલનહારો રામ, અવસર આવો નહિ મળે.
જીરે ગગનમંડળમાં ચોરી રચી,
ત્યાં પરણે રે,
ત્યાં પરણે આતમરામ, અવસર આવો નહિ મળે.
જીરે દાસ પ્રીતમની વિનંતિ,
અમને મળ્યા રે,
અમને મળ્યા સદ્‌ગુરુ શ્યામ, અવસર આવો નહિ મળે.

પરિવારની, ગામની, સમાજની બેનોનો મોટો સમુદાય પણ ભજન ગાતાંગાતાં અંતિમયાત્રામાં જોડાયો. પરિવારના સભ્યોએ રામધૂન ચાલુજ રાખી. યાત્રા આગળ ચાલી.

અંતે ગામને પાદરે પાલખી નીચે મૂકવામાં આવી. પરિવારના સૌ સભ્યોએ માતાજીની અંતિમ પ્રદક્ષિણા કરી છેવટના પ્રણામ કરી લીધા.

પાલખી પરિવારના ભાઇઓએ ઉંચકી લીધી. યાત્રા આગળ ચાલી. બેનોએ ત્યાંથીજ અંતિમ વિદાય આપી. છેવટે સ્મશાનમાં માતાજીનો અંતિમ અગ્નિસંસ્કાર થયો.

ભક્તસમાજના કોઈપણ ભાઇબેનની અંતિમયાત્રામાં કોઇ સંતપુરુષે હાજરી આપી હોય કે પુષ્પાંજલિ અર્પણ કરી હોય એવો આ પ્રથમ જ પવિત્ર અને વિરલ પ્રસંગ હતો.

અમારા માતાજી સંતના હસ્તે પુષ્પાંજલિ પામી અને સદ્ગતિ મેળવવા પરલોકમાં પણ ભાગ્યશાળી બન્યાં તેઓએ જીવનમાં કપૂરામાં ને સૂરતમાં પૂ. શ્રીના સત્સંગને દર્શનનો લાભ મેળવેલો. અને જીવનની અંતીમ વિદાય વેળા સૂક્ષ્મ-દેહે પણ સંતનો કૃપાપ્રસાદ પામવા ભાગ્યશાળી બન્યાં. એથી જ આ એમની અંતિમ યાત્રા દિવ્યયાત્રા બની ગઈ

કોઈ સંસારી માતાની અંતિમ યાત્રામાં હાજરી આપી-હોય અને પુષ્પાંજલિ અર્પીને સદ્ગતિ આપી હોય એવો પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનનો આ પ્રથમજ પ્રસંગ હતો. એ દૃષ્ટિએ પણ દિવ્ય અને વિરલ વિદાય હતી

———*———

With Best Compliments From :

**STEELCAST BHAVNAGAR PRIVATE LTD.**

Manufacturers of
Steel and Alloy Steel Castings
In Technical Collaboration with
M/s. Kurimoto Ltd., JAPAN.

Winners of 'Laxmanrao Kirloskar Bronze Plaque Award' from Institute of Indian Foundrymen, as the best Foundry, with the best Import Substitution Record Amongst all Foundries In India for 1982

Ruvapari Road,
Bhavnagar 364 001,
Gujarat State.

Gram : Steelcast
Telex : 0162-207
Phone : 25225 (4 lines)



# જીવન ઝરમર

શ્રી સર્વેશ્વરી

[પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના માતાજી ભીખીબેનની જીવન ઝરમર]

કુદરતને ખોળે જ અમારા માતાજીનું જીવન વીત્યું. ૧૯૦૬ માં એમનો જન્મ. તે જમાનામાં પણ સૂરત જિલ્લામાં આવેલા તેમના બાજીપૂરા નામના ગામમાં કન્યાશાળા હતી. વળી પોતાના કાકા જ શિક્ષક હતા. તેથી તે જમાનામાં દુર્લભ એવી પ્રાથમિક કેળવણી પણ તેમણે પૂર્ણ કરેલી

શિક્ષણના એ સંસ્કારોમાં અમારા પિતાજીએ પોતાની રીતે અધ્યાત્મક્ષેત્રે પ્રેરક ફાળો આપ્યો.

પ્રાતઃસ્મરણ અને નિત્યપાઠના બધાજ સંસ્કૃત શ્લોકો માતાજીને કંઠસ્થ હતા. દરરોજની સાંજની ઘરની સમુહ પ્રાર્થનામાં તેઓ નિયમિત હાજર રહીને ભગવદ્ગીતાનો બીજો અધ્યાય અને બીજી સ્તુતિઓ પણ તેમને કંઠસ્થ થઇ ગઇ હતી.

વળી વરસો પહેલાં દર ચોમાસામાં ભાગવત, રામાયણ કે મહાભારતના ગ્રંથોનું શ્રવણ તેઓ અમારા પિતાજીના શ્રીમુખેથી કરતાં. છેલ્લા થોડા વરસોથી નિયમીત ગીતાપાઠ નું વાચન કે શ્રવણ તેઓ કરતાં.

ભારતના ઉત્તમતીર્થોની યાત્રા તેમણે ૧૯૫૫ માં અમારા પિતાજી સાથે કરેલી. વળી ૧૯૬૫માં એકવાર વિદેશયાત્રા પણ કરેલી.

સ્વભાવે શાંત અને ગંભીર હતાં ઓછા બોલો સ્વભાવ છતાં એમનો પવિત્ર પ્રેમભાવ અદ્ભૂત હતો.

અમારા પિતાજી ના સામાજિક સેવાના ક્ષેત્રે પણ તેમનો ગૃહિણી તરીકેનો પ્રેરક ફાળો હતો. દિવસે, રાતે કે મધરાતે પણ અમારા ઘરમાં સર્વોદય કે આશ્રમશાળા કે સામાજિક સંસ્થાના કાર્યકતાઓની આવ-જા રહેતી ત્યારે પણ તેમને અધીંરાતે પણ ભોજન બનાવીને તૃપ્તિ આપવાની તેમની સેવા વિશેષ નોંધનીય છે.

સીત્યોતેર વરસની ઉંમરે પણ એમનો કર્મ કરવાનો સ્વભાવ છેવટસુધી ચાલુ જ રહ્યો. સમાજ કે સંસારથી માનસિક રીતે અલપ્તિ રહી શાંતિથી એમણે અંતિમ વિદાય લીધી, એજ શું જીવનની સફળતા નથી!

## કોઇ ઇચ્છા નથી.

હોસ્પીટલમાં તેર દિવસની માંદગી ભોગવીને અમારા માતાજીએ વિદાય લીધી.

હોસ્પીટલમાં પણ દરરોજ સવાર સાંજ એક એક કલાક પ્રાર્થના અને ગીતાપાઠ તેમની પાસે પરિવારના સભ્યો નિયમિત કરતા ત્યારે તેઓ તેનું શાંતિથી શ્રવણ કરતાં.

ડોકટરોએ જ્યારે આશા છોડી દીધી ત્યારે પરિવારના સભ્યોએ માતાજીની ઇચ્છા જાણવા ઘણીવાર પ્રયત્ન કર્યા.

ત્યારે ત્યારે માતાજીએ કહ્યું, "મારે કોઇ ઇચ્છા નથી. કોઇને કશુંજ કહેવાનું નથી. મારે કોઇને બંધનમાં નાંખવા નથી."

વિદેશમાં વસતા પોતાના સંતાનો પણ આવે તો ઠીક. બાકી મળવાની પણ ખાસ કોઇ ઇચ્છા એમણે ન બતાવી

માનસિક રીતે મૃત્યુનો કોઈ ભય, ચિંતા કે અશાંતિ એમણે ન અનુભવી.

હોસ્પીટલમાં દાખલ થયા પછી એઓ કહેતાં કે આ



વખતે હું સારી નથી થવાની. છેવટના દિવસોમાં પણ તેમણે કહ્યું મને હવે ઘરે જ લઈ જાઓ. વળી એક દિવસ પહેલાં પણ ત્રણવાર તેમણે એકજ વાકયનું પુનરુચ્ચારણ કર્યું કે "હું કાલે નથી હોં. હું કાલે નથી હોં. હું કાલે નથી હોં."

આ બધા વાકયો અને અંતિમ અવસ્થાના તેમના શબ્દો સૂચક હતા. અને એજ રીતે તેઓ વિદાય થયાં.

અંતિમ દિવસોમાં તેમણે કોઇની પણ ચિંતા વ્યક્ત ન કરી. સૌથી નાના સંતાન તરીકે તેમણે મારીપણ ચિંતા ન કરી કે ન તો કોઇને સંભાળ રાખવાની સૂચના આપી.

માતાજીના પવિત્ર, સરળ, ભોળા દિલમાં મારા પ્રભુમાર્ગ માટેની નિશ્ચિતતા હતી અથવા તો શ્રી યોગેશ્વરજીને સોંપ્યાનો સંતોષ કે વિશ્વાસ હતો, અને એથી જ માનસિક શાંત, સંતોષ અને નિશ્ચિતતા સાથે તેઓ વિદાય થઇ શકયાં.

જીવનની અંતિમ અવસ્થામાં કોઇ સાંસારિક ઇચ્છા કે ચિંતા ન રહેવી એ માતાજીના જીવનની સર્વોત્તમ અવસ્થા ગણી શકાય.

## તારો માર્ગ પણ સારો જ છે ને ?

માતાપિતાની હાજરીમાં નોકરીનું બંધન છોડીને મારે પ્રભુના પંથે વળવાનું બન્યું.

ત્યારે માતાપિતા તરફથી સહકાર મળશે કે કેમ એ પ્રશ્ન હતો જ. પ્રભુકૃપાએ એ પ્રશ્ન પણ સરળ થઇ ગયો.

ત્યાગ કર્યા પછી જયારે જયારે કપૂરા માતાજી પાસે જવાનું બનતું ત્યારે હું ઘણીવાર તેમને પૂછતી કે પ્રભુમાર્ગે જનારાએ માતાના આશીર્વાદ તો મેળવવા જ પડે એ રીતે તમારા તો આશીર્વાદ મને આપશો જ ને ?

( અનુસંધાન પાનાં ૧૨ ઉપર )

# સદ્ગતિ

શ્રીયોગેશ્વરજી

નરસિંહ મહેતાએ ગાયું છે

ભરત ખંડ ભૂતળમાં જન્મી
ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે એના માતપિતાને
સફળ કરી એણે કાયા રે.

ભરતખંડમાં જન્મીને જે પ્રભુપંથે જાય તેના માતાપિતા ધન્ય છે

એ રીતે મા સર્વેશ્વરીનો જન્મ આ કુળમાં થયો તો તે કુળ પણ ધન્ય બન્યું, મા સર્વેશ્વરીને જન્મ આપનાર એમના માતાજીને પણ જન્મ આપવાનું જ કેટલું બધું પુણ્ય મળી ગયુ! માતાપિતા બન્ને ધન્ય છે.

પ્રભુપંથે જનાર ભકતને જન્મ આપનાર એવી માતાની દુર્ગતિ તો ક્યાંથી થાય? એમને તો સહજ રીતે સદ્ગતિ જ મળી જાય (તા. ૨૩-૩-૮૩ના વાર્તાલાપમાંથી)

---

(જીવન ઝરમર પાનાં ૧૧નું અનુસંધાન)

ત્યારે ત્યારે માતાજી કોઈ લાંબી ચર્ચા, સૂચના, ચિંતા વ્યક્ત ન કરતાં. ફકત પોતાના ઓછાબોલા સ્વભાવ પ્રમાણે એકજ વાકય કહેતાં "તારો માર્ગ પણ સારો જ છે ને."

મારા પ્રભુમાર્ગ માટે તેમણે મારી સામે કોઈવાર અફસોસ, ચિંતા, અકળામણ કે ઉદ્વેગ કદી વ્યક્ત કર્યાં નથી.

મારા એ નિર્ણય સામે તેમણે વિરોધ નથી કર્યો એ એમના મારા પ્રત્યેના પૂરા વિશ્વાસનું જ પરિણામ.



## 'તમને સોંપી ધ્યાન રાખજો'

જેમની પાછળ આપણે પ્રાર્થના કરવા છેલ્લા બે દિવસથી બેસીએ છીએ. તે મા સર્વેશ્વરીનાં માતા. એમનો એક નાનો પ્રસંગ યાદ આવે છે. બહુ નાનકડો પ્રસંગ છે.

જ્યારે સૌથી પ્રથમ અમારા પ્રેમી જ્ઞાની પુરુષ શ્રી ઈશ્વરભાઈએ અહીં કપૂરામાં કાર્યક્રમ ગોઠવ્યો, ત્યારે ૧૯૭૮ માં અમે અહીં પ્રથમવાર આવ્યા.

કાર્યક્રમ પૂરો થયો. કપૂરા ગામ જ ભાવિક છે. ગામના માણસો ભાવવાળા ને ગુણગ્રાહી છે. તેથી જ્યારે વિદાયનો દિવસ આવ્યો ત્યારે બધા ભાઈબેનો આવેલા. મા સર્વેશ્વરીનાં માતા પણ તેમાં હતાં.

બધા ભાઈબેનો પગેલાગીને ઉભાં રહ્યાં તે પહેલાં ઘરમાં એમનાં માતાપણ પગે લાગી ને ઉભા રહ્યાં.

હવે તેમના હ્રદયની સરળતા જુઓ. "સરળતા હોય. નમ્રતા હોય, નિષ્કપટતા હોય તો જ પ્રભુ પ્રસન્ન થાય."

જેવા તેમણે નમસ્કાર કર્યા તેવાજ તેમના મુખમાંથી એકદમ શબ્દો નીકળી ગયા. અચાનકજ. એમ તો તેઓ બહુ ભણેલા ન હતાં. એમણે એટલુંજ કહ્યું.

"આ સરોજ તમને સોંપી તેનું ધ્યાન રાખજો."

"બોલો, તે વખતે તો મા સર્વેશ્વરી સૂરત સાધના વિદ્યામંદિરમાં નોકરી કરતાં હતાં. સંસાર નાશવંત છે એમને એ સમજાઈ ગયું. એટલે એઓ પછી પ્રભુમાર્ગે વળ્યાં. એમના સંસ્કારો જ એવા, લક્ષણો જ એવાં એટલે એમણે પ્રભુનું શરણ લીધું.

પરન્તુ એમના માતાજી કેટલુંક સમજી શકે? મને નથી

લાગતું કે તેઓ પૂરેપૂરું સમજી શકે. એમની ભૂમિકા જ એવી ન હતી કે તેઓ પૂરેપૂરું સમજી શકે. તેમનામાં કોઇનું બગાડવાની વૃત્તિ નહીં પણ જ્ઞાન પણ એવું નહીં.

છતાં એમના મોઢામાંથી આવા શબ્દો નીકળી ગયા !

એમના એ શબ્દો સામે મારાથી ઘડીના ય વિલંબ વિના કહેવાય ગયું "ચિંતા કરશો નહીં."

કેવી વાત છે ? એમનું હૃદય કેટલું ભોળુ ને નિખાલસ, સરળ. અતિશય સરળ. પછી તો મા સર્વેશ્વરીએ ત્યાગનું હિંમત ભર્યું પગલું લીધું. એ તો એક ઇતિહાસ બની ગયો.

મને લાગે છે એમનો આત્મા જ્યાં પણ હશે, ત્યાં પ્રસન્ન જ થતો હશે. સંતોષ અનુભવતો હશે કે મેં કહેલું ને યોગેશ્વરજીને કે ધ્યાન રાખજો. મારે હવે કોઈની ચિંતા નથી."

જાણે એમને પોતાના જીવન વિષે અણસાર આવી ગયો હોય. ત્રણચાર વરસ પછી મારે હવે રહેવાનું નહીં હોય અને પ્રભુએ જ જાણે અગમની વાત એમના મુખે બોલાવી દીધી હોય. આનું નામ આગમનાં એંધાણ.

કોઈ કોઇ નિર્મળ મનના માણસો દ્વારા આપોઆપ આવા શબ્દો સહજ રીતે બોલાય જાય છે.

ઘણીવાર હું એમના શબ્દો યાદ કરું છું ને મને થાય છે કે કેટલી બધી સરળતા એમની !

પછી તો મા સર્વેશ્વરી જાણે છે કે હું સંભાળ રાખુ જ છું. આધ્યાત્મિક સંભાળને પેલી સંભાળ પણ.



# 'જનની જીવો રે ગોપીચંદની'

યોગેશ્વરજી
સંક્ષેપ : ઈશ્વરભાઈ ભક્ત

[ પ. પૂ. શ્રી સર્વેશ્વરી માના માતાજીના સ્વર્ગવાસ પછી પ. પૂ. શ્રી યોગેશ્વરજી કપુરા ગામમાં પાંચેક દિવસ રોકાયા.

કોઇપણ ઘરમાં મૃત્યુ પછીનું વાતાવરણ શોકમય અને ગ્લાનિમય હોય એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે, એક ઈશ્વરદર્શી સંતપુરુષની ઉપસ્થિતિ વાતાવરણને અધ્યાત્મિક બનાવવામાં સહજ રીતે મદદરૂપ થાય, એ દેખીતું છે.

વળી ભાઈશ્રી ઈશ્વરભાઈ ભક્તની વિનંતીને માન આપીને પૂ. શ્રીએ મૃત્યુ અંગે જે પ્રવચનો આપ્યાં, તે દરેક મનુષ્યને માટે ઉપયોગી ને આંખ ખોલનારાં બની રહે એવાં છે. એટલે એવાં ત્રણ પ્રવચનોનો શ્રી ઇશ્વરભાઇ એ કરેલ સંક્ષેપ અત્રે રજુ કરવામાં આવ્યો છે.

[ શ્રદ્ધાંજલિ ]

મૃત્યુ પછીની રોકકળને બદલે, રામધૂન, ભજન ને ગીતા-પાઠનું વાંચન-મૃતાત્માને તો ઠીક, પણ એનાં આપ્તજનોને ઘણું આશ્વાસનરૂપ નીવડે. ભક્ત સમાજમાંની આ પ્રથા અન્ય સમાજોએ પણ ખરેખર અપનાવવા જેવી છે.—તંત્રી ]

## "જનની જીવો રે ગોપીચંદની" તા. ૨૪-૩-૮૩

મૃત્યુ વિષે કવિઓએ ઘણી કલ્પના કરી છે. મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરની કલ્પના વધારે પ્રેરણાદાયી છે. કવિઓ, ઋષિઓ મૃત્યુને જીવનનો અંત માનતા નથી. મૃત્યુ તો

નિયતિએ રચેલી પરિવર્તનની અનિવાર્ય પ્રક્રિયા છે. પોતાના ખોળામાં પયપાન કરાવતી માતા જેમ એક બાજુથી બીજી બાજુ બાળકને સમયે સમયે બદલ્યા કરે છે તેમ જગદમ્બા એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં મનુષ્યને કર્માનુસાર બદલ્યા કરે છે. બદલાતી સ્થિતિમાં પોતાનું અમૃત કોઈએ ઝૂંટવી લીધું હોય તેવી ક્ષણવાર બાળકને લાગણી થાય છે. પરંતુ થોડી જ વારમાં તેને સંતોષનો અનુભવ થાય છે. આ જીવને પણ મરણના પ્રસંગે પોતાની કિંમતી વસ્તુ ગુમાવ્યાની લાગણી થાય છે. તેથી તે દુઃખી પણ થાય છે. પરંતુ મરણ પછી ફરી જન્મ મળે ત્યારે વળી પાછી સંતોષની લાગણી અનુભવે છે. શ્રીમદ્ શંકરાચાર્ય મહારાજ પણ કહે છે કે पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननि जठरे शयनं । અનાદિ કાળથી સંસારનું આ ચક્ર ચાલ્યા જ કરે છે. દેહ ધરીને જે કોઇ આવે તે આ પ્રમાણે અવશ્ય જાય. કર્માનુસાર વળી પાછો જન્મ ધારણ કરે. જીવ જગતમાં જન્મીને ભૌતિક પદાર્થોના આકર્ષણોમાં ને વિષયોની મોહિનીમાં મોહ કરી બેસે છે. આ મોહ મીઠો લાગે છે તેથી તેમાંથી છૂટવાનું કોઈને મન થતું નથી. કોઈ વીરલાનેજ મન થાય. ગોપીચંદ એવી વિરલ વ્યક્તિ હતી. માતા મેનાવતીની આંખમાં આંસુ જોઇ બાળક ગોપીચંદ રડવાનું કારણ પૂછે છે. આખરે મા બરોબર સમજાવે છે. "તારું આ કેટલું બધું સુંદર શરીર છે. છતાં એક દિવસ તે ભસ્મ થઇ જશે !" માતૃપ્રેમથી વિહ્વલ બની ગોપીચંદ પૂછે છે, "મા, કહે આમાંથી ઉગરવાનો કોઇ માર્ગ છે ખરો ?" માતા મેનાવતી યોગમાર્ગ ને ભોગમાર્ગનું રહસ્ય સમજાવે છે. ભોગમાર્ગમાં આખું જગત્ લુબ્ધ છે. વિષયોનો ભોગ સહુને મધુર લાગે છે. તેથી તેમાં બંધાઈ સંસારચક્રમાં ફર્યા કરવાનું પસંદ કરે છે. યોગમાર્ગ સંસાર-



ચક્રમાંથી મુકિતનો માર્ગ છે તે માર્ગે ચાલનારને અમરતાનો અનુભવ થાય છે. ગોપીચંદનું હૃદય વીંધાયું. તે ગયા મામા ભર્તુહરિ પાસે. તેઓ મહાન યોગી હતા. તેમણે આ માર્ગની કઠણાઈ સમજાવી. છતાં ગોપીચંદની દૃઢતા જોઈ દીક્ષા આપી

પરંતુ હરિના માર્ગે જગત ઘણી અડચણો ઉભી કરે છે. સંસારી સંસારમાં સહુ કોઈ રહે તેવી યુક્તિ રચે છે. વૈરાગ્ય શતકમાં ભર્તુહરિ મહારાજે એક સુંદર પ્રસંગ નોંધ્યો છે. ભાટચારણો જેવા સૌ મંત્રીઓ રાજાનો અહંકાર ઉન્મત્ત થાય તેવી જ વાતો જણાવતા હોય છે. રાજા ગૃહત્યાગ ન કરી શકે તેવી લોભામણી વાતો કહે છે. ગાડી છે, ઘોડા છે, હાથી છે, મહેલ છે, અઢળક સંપત્તિ છે, આલિશાન મહેલ છે, તેમાં અનેક સેવકો છે, આપની સત્તા ચાલે છે, પછી શું જોઇએ ? પરંતુ સંત આવીને કહે છે કે આંખ જ્યારે બંધ થઈ જશે ત્યારે આમાનું શું ? તે વખતે તેજીને ટકોરો વાગી જાય. જીવન તો સંસારના રાગોથી ભરેલું છે એ સત્ય તેને સમજાય જાય છે. માટે યોગમાર્ગે જનારે તો ખૂબ સાવધાન રહેવું પડે છે. અચલ રહેવા માટે પરમાત્માની કૃપા યાચતા રહેવું જોઇએ. તે જ અચલ રહી શકે જેણે સંસારની અસારતા બરોબર જાણી લીધી હોય ! બૃ. ઉપનિષદમાં પણ યાજ્ઞવલ્કયે મૈત્રેયીને એવો જ ઉપદેશ આપ્યો છે. તેઓ કહે છે કે "હે મૈત્રેયિ કોઈ પણ જીવને કોઈ પણ જીવ એટલા માટે પ્રિય લાગતો નથી કે તે તેનો પ્રિય સંબંધી છે, પણ પોતાના આત્માના સુખની ઇચ્છાથી જ તે પ્રિય લાગે છે." છતાં પણ ભાટચારણો જેવા લોકો તો સંસારમાં જ રસ લેવાનું કહેતા હોય છે. વૈભવ ને સમૃદ્ધિની વાતો જ તેમને ગમે છે. પરંતુ એ વૈભવ ને એ સમૃદ્ધિ તો નાશવંત છે. તેથી કબીર સાહેબ માર્ગદર્શન આપતા કહે છે—

"ક્યા ગુમાન કરના એ, મિટ્ટીસે મિલ જાના"

જે નાશવંત છે, જે રાખ થઈ જવાનું છે, જે મિટ્ટીમાં મળી જવાનું છે તેને માટે મોહ કેવો? મોહ કરવો હોય તો જે અમર છે, જે અવિનાશી છે તેનો કરવો જોઈએ. તેને પામવા "કછુ ભજન કરો, કછુ ધ્યાન ધરો—" એવી શિખામણ કબીર સાહેબ આપે છે, જેટલો પણ સમય મળે તેટલો સમય પ્રભુને યાદ કરવામાં વીતે તેવું આયોજન કરવું જોઈએ. પારકી પંચાતમાં ન પડવું જોઈએ. સંસારમાં લોકોને બીજાની ચિંતા કરવાની કુટેવ પડી ગઈ છે. તે માટે કબીર સાહેબ કહે છે—"રામ સુમિર જગ લડવા દે", "હાથી ચલત હૈ અપની ગતમેં કૂતર ભૂંકત વાકો ભૂંકવા દે, તું રામ સુમિર.." જે સામાજિક ભીરુ હોય તે હરિના માર્ગે ન જઈ શકે. લોકોની વાતો તેનું મન ડગાવી દે છે. એવા ઓછા લોકો હોય છે જે પ્રભુને માર્ગે જનારને પ્રેરણા પૂરી પાડતા હોય. તેથી ગોપીચંદ જેવી વ્યકિત પણ વિરલ અને તેને પ્રેરનારી મેનાવતી જેવી માતા પણ વિરલ. સંભવ છે કે એટલી ઊંચી ભૂમિકાવાળી માતા સંખ્યામાં બહુ નહિ હોય. છતાં આજે પણ તેવી માતા મળી આવે છે તે તો મારા અનુભવની જ વાત છે. મારી માતાએ મને એકનો એક દીકરો હોવા છતાં, તેઓ સાવ ગરીબ હોવા છતાં, વિધિપૂર્વક પ્રભુને પંથે જવાની સંમતિ આપી હતી. મને શાંતિ પ્રાપ્ત થઈ પછી મેં તેમની બત્રીસ વર્ષ સુધી સેવા કરી હતી. માતૃદેવો ભવ એ શાસ્ત્રોક્ત કથનમાં મને શ્રદ્ધા હતી.

તમારા ગામમાં તમને પણ અનુભવ થયો જ છે. મા સર્વેશ્વરીના માતાજીએ મા સર્વેશ્વરીને મુશ્કેલી પડે તેવું તો કર્યું જ ન હતું. ત્યાગને સમજી શકે તેટલું જ્ઞાન ભલે ન



હતું પરંતુ તેઓ ત્યાગ કરનારને આડખીલીરૂપ તો થયાં નથી. તેમનો સ્વભાવ સરળ હતો એવો મને પણ અનુભવ થયો હતો સહુ પ્રથમવાર મને પ્રણામ કરતી વખતે ખૂબ સાહજિકતાથી કહેલું કે આ સરોજ તમને સોંપી, સંભાળ રાખજો! મને તુલસીદાસનું વાકય યાદ આવે છે—

"નિર્મળ મન જન સો મોહિ ભાવા"

જે માણસનું મન નિર્મળ છે તે મને ખૂબ ગમે છે એવું ભગવાનનું વચન છે ભગવાનને મેળવવા માટે ખૂબ તપ ન કર્યું હશે તો ચાલશે; ખૂબ ન ભણ્યા હશે તો ચાલશે, પણ નિર્મળ મન વિના ચાલશે નહીં. સરળ ને નિખાલસ સ્વભાવની ખાસ આવશ્યકતા છે. મા સર્વેશ્વરીને જન્મ આપનારી માએ સરળ ને નિખાલસ સ્વભાવને કારણે મા સર્વેશ્વરીના ત્યાગને સાક્ષી ભાવે જોયા જ કર્યો. જરા પણ વિરોધ કર્યો નહીં. તેવી માતાની શાંતિ માટે કપુરા ગામના લોકો ભેગા થઈ દસ બાર દિવસ સુધી પ્રાર્થના કરશે તે જાણી ખૂબ સંતોષ થયો. સદ્ગતની શાંતિ માટે પ્રાર્થના કરવાની તમારી પ્રણાલિકા શ્રેષ્ઠ પ્રકારની છે. લોકોના હૃદયમાં ભાવ પણ સારો છે. કપુરા ગામ મને તો વૃંદાવન લાગે છે. તમો દરરોજ પ્રાર્થના કરશો તો જનાર પણ શાંતિ અનુભવશે અને તમે સહુ પણ શાંતિ પામશો.

## ઋણાનુંબંધ (૨) તા. ૨૫-૩-૮૩

પરમાત્માના પરમ ભકતોને ત્યાં પણ મરણના પ્રસંગો કયાં નથી આવતા? આવે જ છે. તે વખતે તેઓ કેવી રીતે વર્તે છે તે યાદ કરવાથી ને સમજવાથી ઉત્તમ પ્રકારની પ્રેરણા આપણને પણ મળે છે. તેઓ મૃત્યુને સહજ સ્વરૂપે સ્વીકારે

છે. તેઓ લાગણીથી તણાઇને તેની અસર હેઠળ વર્તતા નથી. ધીરો ભગત. ગરીબ અવસ્થા. તેના ઘરે ગામનું ભક્તમંડળ રોજ ભેગું થતું અને ભજન ગાતું. એક દિવસ તેનો એકનો એક છોકરો દેવલોક પામ્યો બધા વિચારવા લાગ્યા કે આજે તો ભજનનો કાર્યક્રમ બંધ જ રહેશે. પરંતુ જ્યારે સ્મશાનમાંથી ઘરે આવતા એક ભક્તજને પૂછ્યું ત્યારે ધીરા ભગતે ખૂબ સ્વસ્થતાથી કહ્યું કે આજે પણ ભજનનો કાર્યક્રમ થશે જ. બલકે વધારે સમય સુધી થશે. મોડી રાત સુધી તે દિવસે ધીરા ભગતને ત્યાં ભજન થયેલાં. ભક્તો લાગણીથી અસ્વસ્થ બનતા નથી. સામાન્ય માણસ અસ્વસ્થ બની જાય છે. માનસિક રીતે ભાંગી પણ પડે છે. લાગણીના આવેશમાં તેઓ ગંભીર રીતે બીમારીનો પણ ભોગ બને છે. જ્યારે ભક્તો સ્વસ્થ રહી લોકાચારનું પાલન કરે છે. બીજાઓને પ્રેરણા પૂરી પાડે તેવું બોલે છે ને વર્તન કરે છે. તેઓને પણ લાગણીતો થાય જ છે. પરંતુ તેઓ તેમાં તણાતા નથી. તેઓ અસામાન્ય રીતે વર્તતા જણાય છે. એક વાર મહાત્મા ગાંધીજી પણ ઘડીભર હચમચી ગયેલા. પરંતુ ક્ષણભર જ. કસ્તૂમાના અવસાન સમયે તેમનું હૃદય લાગણીથી ભરાઈ આવ્યું હતું. પરંતુ તરત જ તેમણે મનોમન સમાધાન કરેલું કે આ તો ઋણાનુબંધ છે. જો એને બદલે હું ગયો હોત તો! શું સેવાના કામો બંધ થઈ જાત! ના, જે કરવાનું છે તે તો કરવું જ જોઇએ. મૃત્યુ તો સ્વાભાવિક છે. કોઈ વહેલું જાય, કોઈ મોડું. તેથી જગતનો વ્યવહાર અટકતો નથી. તેથી તેમણે સંકલ્પ કરેલો કે આજથી વધારે સેવાકાર્ય કરવું. આ રીતે અસામાન્ય મનુષ્યો મરણ પ્રસંગે પણ અસામાન્ય રીતે વર્તે છે. તેઓ પરમાત્મા સાથે કાયમનો સંબંધ બાંધી દે છે. તેઓનું મન વિષયોમાં કે નાશવંત પદાર્થોના મોહમાં



કદી પણ તણાતું નથી. જ્યારે સામાન્ય મનુષ્યો નાશવંત પદાર્થોના મોહમાં સરળતાથી ફસાય જાય છે. જેની સાથે કાયમનો સંબંધ છે તેને યાદ પણ કરતા નથી. જેની સાથે સંબંધ નથી તેને કાયમ સમજી તેની મોહિનીમાં તણાય છે. તેથી નરસિંહ મહેતા સહુને યાદ દેવરાવે છે કેઃ

તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો,
વગર સમજ્યે કરે મારું મારું!

સામાન્ય મનુષ્ય નાશવંત પદાર્થોની પ્રાપ્તિના મોહમાં પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. પોતાનું સ્વરૂપ અવિનાશી છે. તેનો પરિચય પણ કરવા પામતો નથી. આખી જિંદગી વગર સમજ્યે જે પોતાનું ન હતું તેને પોતાનું ગણી વૃથા મહેનત કરે છે. તેથી તે દુઃખી થઈ જાય છે. જે કામ ચલાઉ છે તેને તે વળગી રહેવા પ્રયત્ન કરે છે. ને જે કાયમી છે, પહેલા પણ હતો, આજે પણ છે ને હવે પછી પણ સંગાથી તરીકે રહેવાનો જ છે તેને વળગતો નથી જ. તેને યાદ પણ કરતો નથી. સંસારના સંબંધો પણ કાયમના થોડા છે! તે તો કામચલાઉ છે. તે તો કર્માનુસાર છે. ઋણાનુબંધ પ્રમાણે કામ ચલાઉ ભેગા થાય છે, છૂટા પડે છે. પરબ ઉપર પાણી પીવા ભેગા થયેલા પ્રવાસીઓ જેવા છે. તેથી શંકરાચાર્ય મહારાજ જીવને યાદ દેવરાવતાં કહે છેઃ-

"ભજ ગોવિન્દં, ભજ ગોવિન્દં, ભજ ગોવિન્દં મૂઢમતે,"
જે ગોવિન્દને ભજે છે, પોતાના સ્વરૂપને ઓળખવા મહેનત કરે છે, ધ્યાન-ધારણા કરે છે તે જીવનને કૃતાર્થ કરે છે. બીજાને પણ ધન્ય બનાવે છે. તેથી ભક્ત કવિ પોકારી ઊઠે છે કે ધન ધન તેના માતાપિતાને સફળ કરી જેણે કાયા રે; તે કુળ

પવિત્ર, તે જનની પવિત્ર, તે ધરતી પવિત્ર. તમારા ગામમાં જ જુઓને. મા સર્વેશ્વરીએ પરમાત્માની ભક્તિ માટે ભેખ લીધો જ છે ને! તેમની ભૂમિકા જ એવી હતી કે તેઓ સંસારમાં રહી જ ન શકે. તેથી તેમણે સહજ રીતે ત્યાગનો માર્ગ પસંદ કર્યો. આ માર્ગે, હરિનું શરણ લેનારને, નિર્ભયતાની પ્રાપ્તિ થાય છે. નથી તેમને કોઈ ચિંતા સતાવતી કે નથી તેમને કોઈ લાલચ લલચાવતી. મા સર્વેશ્વરીએ સર્વસ્વનો ત્યાગ કર્યો ત્યારે તેમની પાસે શું હતું? પહેરેલાં જ કપડાં. છતાં તેઓ સારી રીતે ભકિત કરે છે. જે જોઇએ તે સામે આવીને મળે છે. ભગવાન ભાગવતમાં પણ કહે છે કે જે મારું શરણું લે છે તેને હું ધન્ય કરી દઉં છું. આ માર્ગે જનાર મા સર્વેશ્વવરી એકલા થોડાં છે? ભારતમાં આ વાત નવી નથી. ઘણી સ્ત્રીઓએ ત્યાગ કરી પરમાત્માનું શરણું સ્વીકાર્યું જ છે. જગત તેને આજે વંદે છે. ઠેઠ ફ્રાન્સથી આવીને માતાજીએ અરવિંદ આશ્રમમાં સાધના શરૂ કરી. યુરોપથી આવીને મીસ સ્લેડ ગાંધીજી સાથે રહ્યાં. ગાંધીજીએ તેમનું નામ મીરાંબાઈ રાખ્યું હતું; ઇન્દિરાદેવી ગૃહસ્થ હતાં. છોકરાંઓ પણ હતાં. છતાં સમય આવ્યો ત્યારે ત્યાગી બની દિલીપકુમાર રોય સાથે રહ્યાં. આજે હજી પણ તેઓ એકલાં જ રહે છે. કૃષ્ણાબાઈ દક્ષિણમાં આજે પણ છે તેમણે સ્વામી રામદાસને ગુરુ માન્યા હતા. આનંદમયી માને કોણ ઓળખતું નથી? ઉપાસની બાબાનાં શિષ્ય ગોદાવરી માતા આજે પણ સાકોરીમાં છે જ. પરદેશની ધરતી પર પરમહંસ યોગાનંદજીને શરણે આવનાર અમેરિકન સ્ત્રી જે દયામાતાના નામથી આજે પણ પ્રખ્યાત છે. આજે પણ તેઓ લોસ એન્જીલસ શહેરમાં અનેક ભકતોને પ્રેરણાપૂરી પાડે છે. આ માર્ગ નવો નથી; એક મહિલા ત્યાગી બને તે ઘટના પણ



નવી નથી. ત્યાગ તેઓને માટે સહજ હતો. મા સર્વેશ્વરી માટે પણ સહજ હતો. આ માર્ગે આવીને તેમણે ઘણું મેળવ્યું છે. જે મેળવ્યું છે તે વહેંચતા જ રહે છે. બીજાને પણ પ્રેરણા આપે છે. તેથી તેઓ વંદનીય બન્યાં. તેમના જન્મથી માતપિતા પણ ધન્ય બન્યાં કહેવાય. જેમની શાંતિ માટે આપણે પ્રાર્થના કરવા એકત્ર થયા છીએ તેઓ પણ ધન્યતાનો અનુભવ કરી જ રહ્યાં છે. મા સર્વેશ્વરી અંતિમ વિદાય વખતે જ હાજર રહી શકયા તે પણ ઋણાનુબંધને કારણે જ. કોઈ હાજર રહે છે ને કોઇ હાજર નથી રહી શકતું! કોઈ પડોશમાં રહેતું હોવા છતાં પણ હાજર નથી રહી શકતું! જેવું જેનું ઋણ!

## ચલા ચલીકા મેલા... તા. ૨૬-૩-૮૬

અમે દક્ષિણ આફ્રિકા જઇને અહીં આવ્યા. અમારો અનુભવ એમ કહે છે કે પહેલાં તો પરદેશ જવામાટે પાસપોર્ટ તૈયાર કરાવવો પડે. પાસપોર્ટ તૈયાર થઈ જાય પછી સ્પોન્સર લેટરની જરૂર પડે. સ્પોન્સર કરનારું કોઈ હોય તો ઉતાવળે કામ પતે. સ્પોન્સર લેટર મળી જાય પછી પરદેશ જવા વીઝા મેળવવા પડે. અમે દક્ષિણ આફ્રકા ગયા ત્યારે અમને પૂછવામાં આવ્યું કે કેટલો વખત રોકવાના છો? અમે કહ્યું કે આશરે ચાર માસ અને છ માસથી વધારે નહીં. અમને ત્રણ માસનો વીઝા આપવામાં આવ્યો. વીઝાનો સમય પૂરો થાય ત્યારે ઓફિસરને યોગ્ય લાગે તો સમય વધારી પણ આપે. પરંતુ વધારી આપેલો સમય પૂરો થાય એટલે તે દેશ છોડીને ચાલ્યા જ જવું પડે. પરદેશ એટલે શું? પર એટલે પરમ. શ્રેષ્ઠ દેશ-પરમાત્માનો દેશ. પૂર્ણતા પામવા માટેનું ધામ. પરમ શાંતિમાં સ્નાન કરવું હોય તો તે

પરદેશ, પરમાત્માના દેશમાં જઈ શકે. માનવશરીર તે પાસપોર્ટ. માનવશરીરથી જ પરમાત્માને પામી શકાય છે.

બડે ભાગ મનુષ્ય તન પાવા
સુરદુર્લભ સબ ગ્રંથની ગાવા
સાધન ધામ મોક્ષ કર દ્વારા...

ઉત્તમ પ્રકારનું ભાગ્ય ઉઘડે ત્યારે આ દેહ મળે. આ શરીર તો સર્વ સાધનાનું ધામ છે. બંધનોની નિવૃત્તિ અને મુક્તિની પ્રાપ્તિ કરવી એ માનવ જન્મનો હેતુ છે. મનુષ્ય ઉત્તમ પ્રકારના સત્કર્મો કરે તો તે પરમાત્મ તુલ્ય પણ બની જાય. પ્રજ્ઞાના પરમ પ્રકાશથી તે અન્યનું કલ્યાણ પણ કરી શકે. 'નર જો કરણી કરે તો નરકા નારાયણ હોય !' પરંતુ ખરાબ કરણી કરે તો નરનો ખર પણ બને. ખરને પરદેશ શ્રેષ્ઠદેશમાં જવાની ઈચ્છા થાય નહીં. પરદેશ જવા માટે તેણે યોગ્યતા પ્રાપ્ત કરવી પડે. તેને કોણ સ્પોન્સર કરે ? સદ્ગુરૂની કૃપા તે સ્પોન્સર લેટર. સદ્ગુરૂના ચીંધેલા માર્ગે મનુષ્ય પોતાનું કલ્યાણ કરી શકે. પછી તેને વીઝા પણ મળે પરંતુ વીઝા પૂરો થાય એટલે જાવું જ પડે. દરેક જીવનો વીઝા પૂર્વના કર્મના સંસ્કારો પ્રમાણે નક્કી જ થઈ જાય છે. કોઈ-ચાલીસ, કોઈને સાઠ, કોઈને સિત્તેર તો કોઈને સો વર્ષ. કોઈનો માતાના પેટમાં જ વીઝા પૂરો થઈ જાય. કોઈ જન્મ-ધારણ કરીને બાળપણમાં જ ચાલ્યો જાય. આ રીતે બધાનું આવવું જવું અનાદિકાળથી થયા જ કરે.

આ સંસાર તો ચલાચલીકા મેલા જેવો છે. અનાદિ કાળથી એક સરખો ચાલ્યા જ કરે છે. તેથી ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું કે क्रतो સ્મર. કાળને સ્મરો. સમયનો ખ્યાલ રાખી



રત્નચિંતામણિ દેહ મળ્યો છે તેનો સદુપયોગ કરી લો. સમય પૂરો થશે એટલે ચાલ્યા જ જવું પડશે. તે માટે પણ પૂર્ણ તૈયારી કરતા જ રહેવું જોઈએ. સત્કર્મનું અનુષ્ઠાન, મનને નિર્મળ બનાવવું, ધર્મમય જીવન કરવું એ બધી પૂર્વ તૈયારી કહેવાય. તેથી કહેવામાં આવ્યું કે क्रतो સ્મર ને कृतं સ્મર જે કરેલું હોય તે પણ યાદ કરો. અહીં આવીને શું કર્યું ? કેટલાં સત્કર્મ કર્યાં ? કેટલું ભજન કર્યું ? ખરાબ કરણીમાંથી મુક્ત થવા પ્રયત્ન કર્યો ? આપણે સમજી લેવાની જરૂર છે કે આ પહેલો મુકામ પણ નથી અને છેલ્લો મુકામ પણ નથી. છેલ્લો મુકામ કરવો હોય તો પહેલેથી સંકલ્પ કરવો પડે. તે પ્રમાણે જીવવું પડે. પરંતુ જગતના બગીચામાં આવી આ જીવ રંગીન પુષ્પોના મોહમાં ફસાઈ જાય છે. તે પોતાનો હેતુ ભૂલી જાય છે. જે કરવાનું છે તે કરી શકતો નથી. સંસારનું સ્વરૂપ દરેક જીવ સમજી લે તો ઘણો ફાયદો થઈ જાય. પદાર્થો તો જન્મે છે (जायते), વૃદ્ધિ પામે છે (वर्धते), વિકાર પામે છે (विक्रियते), અને વિનાશ પામે છે (विनश्यते) માટે પદાર્થોનો મોહ ન કરવો જોઈએ. જે અખંડ છે, અચલ છે, સનાતન છે તેનો મોહ કરો. તેની સાથે પ્રીતિ બાંધો. તો જ સુખ શાંતિ પ્રાપ્ત થશે. બાકી સંસાર તો ઋણાનુબંધ પ્રમાણે ચાલ્યા કરે છે. ઋણાનુંબંધ પૂરો થાય એટલે જીવ જીવથી છૂટો પડે છે. તે મનુષ્યના હાથમાં નથી. એક શેઠને મહાપુરુષની સેવા કરવાની ખૂબ ઈચ્છા હતી. મહાપુરુષને પોતાની ગાડીમાં જ સ્ટેશને પહોંચાડવાનો આગ્રહ રહ્યો. મહાપુરુષ કહે કે તમે હઠાગ્રહ ન કરો. મને તો પહોંચાડવા-વાળા ઘણા મળી રહેશે. છતાં શેઠે માન્યુ નહીં ને પોતાની ગાડી નિયત સમયે લાવીને ઉભી રાખી. હવે માત્ર પંદર જ મિનિટ બાકી હતી ને કોઈ શેઠને એક કાગળ આપી ગયું.

પોતાની પત્ની હોસ્પિટલમાં મૃત્યુ પામી છે એવા તેમાં સમાચાર હતા. ડ્રાઇવરને ભરોસે ગાડીને મૂકી તરત જ શેઠે હોસ્પિટલમાં જવું પડ્યું. ઋણાનુબંધ ન હોય તો તૈયાર થાળી પર બેઠેલાને પણ ઉભા થઈ જવું પડે. ઋણાનુબંધ હોય તો આમંત્રણ ન આપ્યું હોય તો પણ થાળી પર બેસવું પડે. દાને દાને પર લિખા હૈ ખાને વાલેકા નામ! આ સત્ય જે સારી રીતે સમજે છે તે જીવનને જીતી જાય છે. જગતને જતી જાય છે. જેણે પરમાત્માની સાથે સંબંધ બાંધ્યો છે તે સર્વાવસ્થામાં શાંત જ રહે છે.

અમે ૧૯૫૮થી મસૂરીમાં રહીએ છીએ. રાજમાર્ગ પર એક મોટું બળેલું મકાન હજી પણ છે. તે ચિત્રશાળાનું મકાન હતું. તેના માલિક હતા ગાંધીવાદી એક સદ્‌ગૃહસ્થ. તે નામી ચિત્રકાર હતા. તેમનું નામ રૂપ કિશોર કપુર હતું. તેમને બધા ગુરુજી કહેતા. તેમને અમારી સાથે સારો સંબંધ હતો. તેઓ સારા સત્સંગી હતા. અમારા વ્યાખ્યાનમાં આવી તેમણે પોતાની જાતને તૈયાર કરી દીધી હતી. એકવાર તેમની લાખો રૂપિયાની કિંમતની ચિત્રશાળા બળી ગઇ! તો પણ તેઓ અસ્વસ્થ બન્યા નહોતા. તેઓ લોકોને કહેતા કે ઋણાનુબંધ હતો ત્યાં સુધી મારી હતી, હવે નથી. મારા મનમાં એવી અનેક ચિત્રશાળાઓ છે. જરૂર પડે તૈયાર કરી શકાશે. ત્યાર પછી છ માસે તેમનો યુવાન પુત્ર એકાએક અવસાન પામ્યો. ત્યારે પણ તેઓ અચલ જ રહ્યા. આશ્વાસન આપવા આવનારને તેઓ કહેતા કે તે હવે મારો પુત્ર નથી. મારી સાથેનું ઋણ પૂર્ણ થયું. ચાલીસ વર્ષ પહેલાં પણ તે મારો ન હતો. તેમની પત્નીનું અવસાન થયું. ત્યારે પણ તેઓ સ્વસ્થ જ રહી શકયા હતા. તેઓ ઘણીવાર કહેતા કે



યોગેશ્વરજીના સત્સંગથી મને આ જ્ઞાન થયું છે. આ રીતે મરણના પ્રસંગોથી દરેકે બોધ લઈ જીવનને નવો ઓપ આપવા સંકલ્પ કરવો જોઇએ. આવું સુંદર શરીર મળ્યું છે, પંચમહાભૂતનો પાસપોર્ટ મળ્યો છે તો સદ્‌ગુરૂના માર્ગદર્શન હેઠળ બંધનોમાંથી મુકત થવાનો પુરુષાર્થ કરીએ તો આપણું જીવન કૃતાર્થ બની શકે. તેથી શાસ્ત્રો કહે છે–

આવો અવસર ફેર ન આવે
માનવ જીવન મોંઘું પામી ફોગટ કેમ ગુમાવે?
ઉઠ તજીને આળસ, પ્રભુની ભકિત કરી લે ભાવે
સાગર સુખનો બની જશે તું
ગુણ જો પ્રભુના ધ્યાવે—આવો.

બુદ્ધ ભગવાન પાસે એક બાઇએ જઇને રડવા માંડયું. તેનો એકનો એક પુત્ર મરણ પામ્યો હતો. બુદ્ધ ભગવાને કહ્યું કે બહેન તું એવા ઘરમાં જઇને થોડા રાઈના દાણા મને આણી આપ કે જ્યાં કોઈ મરણ ન પામ્યું હોય! બાઈ તો ઘરે ઘરે રખડી. પરંતુ કોઇ ઘર એવું ન મળ્યું કે જ્યાં મરણ ન થયું હોય. સંસારનું સ્વરૂપ જ આવું છે. માટે મનને શાંત રાખો. વિવેકનો આધાર લો. સંસારના ચળકાટો, બહારના દેખાવોમાં પરમાત્માની જ્યોતિ છે તે જોવા પ્રયત્ન કરો તો સુખી થશો. પરમાત્માનું શરણ લેવું જોઇએ. ધીરા ભગતે એટલે જ કહ્યું—

મન તુંહિ તુંહિ બોલે રે સપના જેવું આ તન છે તારું
અચાનક ઉઠી જશે રે જેમ દેવતામાં દારુ.

બધું જ નાશવંત છે. સંસારના પ્રવાહમાં તણાય જવાથી તે સમજાતું નથી. સંસારની વિનાશશીલતાનો વિચાર કરી

ગભરાય જવાની જરૂર નથી. પરંતુ ચેતીને ચાલવાની જરૂર છે. જે ચેતીને ચાલે છે તે મનને શાંત કરી શકે છે. પરમાત્માની ઝાંખી કરી શકે છે. સંસારમાં સાવધાનીથી જીવો. સત્સંગ કરો. જે સાંભળો તેનો અમલ કરો. સાંભળેલું અહીં મૂકી જશો તો ફાયદો થશે નહીં તેજીને ટકોરો બસ. જુઓને, મા સર્વેશ્વરીએ કેટલો બધો ફાયદો ઉઠાવ્યો! તેમણે સંસારનું સ્વરૂપ સમજી લીધું અને પરમાત્માને પામવા આગળ વધવાનો સંકલ્પ કર્યો. ત્યાગને માર્ગે અચલ રહ્યાં. તેમના જીવનથી ઘણાને પ્રેરણા મળશે. શરણાગતિનો ભાવ માનવનું કલ્યાણ કરે છે.

મા સર્વેશ્વરીએ શરણાગતિ સ્વીકારી છે. તેમને હવે કોઈ લાલસા રહી નથી. જાતિયતાનું ભાન પણ તેમને હવે નથી. આ મોટી સિદ્ધિ છે તેથી તમે સહુ લોકાચાર પ્રમાણે ભલે દસબાર દિવસ સદ્ગતને માટે પ્રાર્થના કરો પરંતુ ત્યાર પછી તમારા પોતાના ભલા માટે પણ પ્રાર્થના ચાલુ રાખજો. પ્રભુનું સ્મરણ કરજો. નિત્ય યાદ રાખજો કે

હું હરિનો, હરિ છે મમ રક્ષક એ ભાન તજાય નહિ,
જે હરિ કરશે તે મમ હિતનું એ વિશ્વાસ તજાય નહિ.

જિંદગીનો સર્વોત્તમ ઉપયોગ એને કશાક એવા માટે ખરચવાનો છે, જે જિંદગી પુરી થયા પછી પણ ટકી રહે.



# 'અઘોરી'–બાબા

મુક્ત અનુવાદ : ભાઇલાલભાઇ છાટબાર

૧૯૪૨ માં ૨૦–૨૧ વયના સ્વામી રામ બદ્રિનાથના યાત્રાપ્રવાસે જવા નીકળ્યા. રસ્તે ગંગાકાંઠે શ્રીનગર (ગઢવાલ) નામે એક ગામડું આવેલું છે શ્રીનગરથી પાંચ માઇલ દૂર શક્તિપીઠનું એક નાનું મંદિર છે અને ત્યાંથી નીચાણમાં બે માઈલના અંતરે એક ગુફામાં અઘોરીબાબા રહેતા હતા..

શ્રીનગરના અને આસપાસના લોકો અઘોરીબાબાથી બહુ ડરતા હતા. તેઓ કદી તેની પાસે જતા નહિ કેમકે અગાઉ બનેલ પ્રસંગોની વાત ભય પમાડે તેવી હતી. વાત એ હતી કે પહેલાં બાબા પાસે કોઇ કોઇ ગયેલું તો બાબાએ ગુસ્સાથી ત્રાડ પાડી, ગાળો દઇ કે પથ્થરાનો ઘા કરી તેને દૂરથી જ હાંકી કાઢેલ બાબાની ઊંચાઇ છ ફૂટ અને પાંચ ઇંચ જેટલી હતી અને શરીર ભારે કદાવર હતું. ઉંમર આશરે પંચોત્તેર વર્ષ હશે. તે દાઢી અને લાંબા વાળ રાખતા અને સણિયાની લંગોટી પહેરતા. તેમની ગુફામાં ગુણપાટના થોડા ટુકડા સિવાય બીજું કશું નહોતું.

એક રાત તેમની સાથે ગાળવાના અને તેમની પાસેથી કંઇક શીખવાના વિચારથી સ્વામી રામ તેમને મળવા ઇચ્છતા હતા. નજીકના એક ગામેથી એક પંડિતને લઈ સ્વામી રામ તેને મળવા ગયા. પંડિતે કહ્યું કે—"આ અઘોરી કોઇ સંતપુરુષ નથી. તે મેલોઘેલો રહે છે. તમારે તેને મળવા જવાની જરૂર નથી." પરંતુ તે પંડિતને સ્વામી રામ અને તેના ગુરુદેવ વિશે ઘણી માહિતી હતી; એટલે સ્વામી રામ, પંડિત પાસે અઘોરી બાબાની ગુફાએ પહોંચાડવાની વાતમાં હા પડાવી શક્યા.

સાંજે અંધારુ થતાં પહેલાં તેઓ પહોંચ્યા તેમણે અઘોરી બાબાને ગંગાના વહેણ અને તેમની ગુફા વચ્ચે આવેલા એક ટેકરાની ઊંચી જગ્યાએ બેઠેલા જોયા. તેમણે તેમને પોતાની પાસે બેસાડ્યા. પછી તેમણે પંડિતને ઊધડા લેતા કહ્યુ કે– "મારી પાછળ તો તું નિંદા કરે છે અને વળી પાછો હાથ જોડીને નમસ્કાર કરે છે ?" પંડિત જવા માગતા હતા પણ અઘોરીએ કહ્યું કે—"નહિ, જવાનું નથી. નદીએ જઇને મારે માટે પાણી ભરી આવ." ભયભીત થયેલા પંડિત પાણી લઇને પાછા આવ્યા ત્યારે અઘોરીએ તેના હાથમાં એક પહોળા ફળાની છરી પકડાવીને કહ્યું કે–"ગંગામાં એક મડદું તરે છે, તેને કાંઠે ખેંચી લેજે અને તેના પીંડી–સાથળને કાપી થોડા રતલ માંસ લઇ આવ." અઘોરીની માંગ સાંભળી પંડિતજી ધ્રૂજી ઊઠયા. તે તો થથરી ગયા અને સ્વામી રામ પણ બેબાકળા બની ગયા. પંડિત અઘોરીની વાતનો અમલ કરવા માગતા નહોતા. પણ અઘોરીએ ઝનૂની બની જઇને ત્રાડ નાખી કહ્યું કે–"કાં તો તું મડદાનું માંસ કાપી લાવે છે, નહિ તો હું તને કાપીને તારું માંસ લઉં છું. બોલ બેમાંથી શું પસંદ છે તને ?" પંડિતના તો હાંજા–ગગડી ગયા કેમકે તેનું કંઇ ચાલે તેમ નહોતું.

ઉદ્વેગ અને ડરના માર્યા બિચારા પંડિત થર થર કાંપતાં, મડદા પાસે ગયા અને તેને કાપવા માંડયું. તેને એવી તો ભારે બીક લાગી હતી કે કંપારી અને ગભરાટને કારણે તે ઉતાવળમાં અકસ્માત પોતાના ડાબા હાથની પહેલી બે આંગળી કાપી બેઠા અને તેમાંથી લોહીની ધાર વહેવા લાગી. તે બાબા પાસે માંસ લઈ આવ્યા. પંડિતની અને સ્વામી રામની બુદ્ધિ બહેર મારી ગઇ હતી. પંડિત નજીક આવ્યા એટલે અઘોરીએ તેની આંગળીઓના વાઢને સ્પર્શ કર્યો અને



તે જ ક્ષણે તેને રુઝ આવી ગઇ. વાગેલા ઘાવનું નિશાન પણ ના રહ્યું. અઘોરીએ પંડિતને માંસના ટુકડાઓને માટીની હાંડીમાં અગ્નિ ઉપર મૂકી દેવાનો અને ઢાંકણા ઉપર પથ્થરનું વજન ગોઠવી દેવાતો હુકમ કર્યો. તેમણે કહ્યું કે–"આ જુવાન સાધુ ભૂખ્યો છે અને તારે પણ જમવાનું છે, તેની તને ખબર નથી પડતી ?"

તે બંને બોલી ઊઠ્યા કે—"બાબાજી, અમે તો શાકાહારી છીએ."

બાબાએ આ શબ્દો સાંભળતાં ધૂંધવાઈ ઊઠીને સ્વામી રામને કહ્યું કે—"ત્યારે તું શું એમ ધારે છે કે હું માંસાહારી છું ? અહીંના લોકો મને મેલોઘેલો ગણે છે; તે તું પણ માને છે ? હું પણ શુદ્ધ શાકાહારી છું."

દસ મિનિટ પસાર થતાં તેણે પંડિતને હાંડી લઇ આવવા કહ્યું. પોતે થોડાં મોટાં મોટાં પાંદડાં વીણી લાવ્યા અને કહ્યું કે—"જમવાનું પીરસવા માટે પહેલાં આ પાંદડાં પાથરી દે." પંડિતે કાંપતે હાથે તેમ કર્યું. પછી માટીના ત્રણ કટોરા લેવા અઘોરી ગુફાને અંદરને ભાગે ચાલ્યા ગયા. તે દૂર ગયા ત્યારે પંડિતે સ્વામી રામને ધીરેથી કાનમાં કહ્યું કે—"મને નથી લાગતું કે આ બધાંમાંથી હવે હું જીવતો બચું. મારી આખી જિન્દગીમાં હું જે કંઇ શીખ્યો છું અને મેં જે આચર્યું છે, તે બધાં ઉપર આજે પાણી ફરી વળ્યું હોય એમ લાગે છે. આપઘાત સિવાય હવે મારે માટે કોઇ આરો–વારો નથી. તમે, મારી શી વલે કરી બેઠા છો ? મારાં અભાગ્ય લાગ્યાં કે હું અહીં આવ્યો, મને અહીં લાવતાં તમારે વિચાર તો કરવો હતો ? મારી તો ચોખ્ખી ના જ હતી."

સ્વામી રામે કહ્યું કે—"જરા શાન્ત રહો. આપણે એવા ફસાયા છીએ કે આપણાથી ભાગ્યું ભગાય એમ નથી. તો જે કંઈ બને તે હવે જોઈ છુટીએ."

અઘોરીએ પંડિતને ભોજન પીરસવાની આજ્ઞા કરી. પંડિતે હાંડી ઉપરથી ઢાંકણું લઈ લીધું અને સ્વામી રામના કટોરામાં પીરસ્યું તો તે બંને હેરત પામી ગયા. કટોરામાં રસગુલ્લાં હતાં. પનીર અને સાકરની આ મીઠાઇ બને છે. સ્વામી રામને માટે રસગુલ્લાં બહું ભાવતું ભોજન હતું અને બાબાની ગુફાએ આવતાં આવતાં રસ્તે તે રસગુલ્લાંનો વિચાર કરી રહ્યા હતા તેના મનમાં થયું કે આ બધું બહું તાજ્જુબ કરી દે તેવું છે. અઘોરીએ કહ્યુ કે—"આ મીઠાઇ-માં કંઇ જ લેશમાત્ર પણ માંસ નથી."

સ્વામી રામે રસગુલ્લાં ખાધાં અને પંડિતને પણ ખાવા પડ્યાં. તે બહુ સ્વાદિષ્ટ હતાં. અઘોરીએ વધેલાં રસગુલ્લાં પ્રસાદ તરીકે તેના ગામના લોકોને વહેચવા માટે પંડિતને આપી દીધાં. તે બંને હિપ્નોટિઝમના કોઈ છળ–પ્રપંચથી મૂર્ખ બન્યા નહોતા તેની સાબિતી તરીકે તે પ્રસાદ આપવા-માં આવ્યો હતો. પંડિત તે અંધારી રાતે તદ્દન એકલા ગુફાથી ત્રણ માઈલ દૂર આવેલા પોતાને ગામે જવા નીકળ્યા.

પદાર્થના રૂપાંતરની ક્રિયા પાછળનું રહસ્ય ઉકેલવા અને અઘોરીની વિસ્મયજનક રહેણીકહેણી સમજવા સ્વામી રામે તે રાત ત્યાં રોકાઈ જવાનું પસંદ કર્યું. સ્વામી રામને આશ્ચર્ય થતું હતું કે—"મડદાંનું માંસ રંધાઇને મીઠાઈમાં કેવી રીતે રૂપાંતર પામે? આવું એકલવાયું જીવન અઘોરી અહીં કેમ ગાળે છે?" તેણે આવા લોકો વિષે સાંભળ્યું હતું પરંતુ આવી વ્યકિત સાથેની પ્રત્યક્ષ મુલાકાતનો તેને



માટે આ પહેલો પ્રસંગ હતો. સ્વામી રામે બે કલાક ધ્યાન-માં ગાળ્યા પછી તેઓ બંને શાસ્ત્રગ્રંથોની વાતે વળગ્યા. અઘોરી બાબા અત્યંત મેધાવી ને બહુશ્રુત હતા. તે સંસ્કૃતમાં વાતચીત કરતા હતા પણ તેમનું સંસ્કૃત એવું મિતાક્ષરી અને કઠિન હતું કે તે બોલે ત્યારે દરેક વખતે તેનો અર્થ સમજતા તેને થોડી મિનિટો લાગતી અને પછી સ્વામી રામ ઉત્તર આપી શકતા. અઘોરી બાબા નિઃશંકપણે ઊચી કોટિના શાસ્ત્રજ્ઞાતા હતા પરંતુ સ્વામી રામને આજ સુધીમાં જે કોઈ સાધુ મળેલા, તેના કરતાં એમની રીતરસમ તદ્દન જુદા પ્રકારની હતી.

સ્વામી રામે તેમને પ્રશ્ન કર્યો કે-"આ રીતે મડદાનું માંસ ખાઇને શા કારણે જીવો છો?"

તેમણે ઉત્તર આપ્યો કે-"તમે તેને 'મડદુ' શું કામ કહો છો? એ હવે મનુષ્ય છે જ નહિ પરન્તુ માત્ર 'પદાર્થ' છે. કોઇ તે 'પદાર્થ'નો ઉપયોગ નથી કરવાનું એટલે હું કરી લઉં છું. પદાર્થ અને ઉર્જા સંબંધિત સિદ્ધાંતોને ખોળી કાઢવાનો આ મારા પ્રયત્ન છે અને તેની ખોજ માટે હું વૈજ્ઞાનિકની જેમ પ્રયોગો કરું છું. હું પદાર્થના એક સ્વરૂપ-ને કોઈ બીજા પદાર્થના સ્વરૂપમાં પલટાવી નાખું છું. નિસર્ગ માતા મારે માટે ગુરુ છે. તે ઘણાં રૂપો સર્જે છે અને આસ-પાસમાં આવેલા વિવિધ રૂપોને પલટાવી નાખવામાં હું માત્ર નિસર્ગના સૈદ્ધાન્તિક નિયમોનું અનુસરણ કરુ છું. મેં પંડિત ને આ કરી દેખાડયું કે જેથી તે બીજાઓને દૂર રહેવા સાવ-ધાન કરી દે. આ ગુફામાં મારું આ તેરમું વર્ષ છે અને આજસુધી કોઈ મને મળવા આવ્યું નથી. મારા દેખાવને કારણે લોકો ડરે છે. તેઓ ધારે છે કે હું મેલો–ગંદો છું

અને હું મચ્છી તથા મુડદાં ખાઇને જીવું છું. પથરા ફેંકી લોકોને ભગાડી દઉં છું. પણ ધ્યાન રાખુ છું કે તે કોઇને કદી વાગે નહી.

અઘોરીબાબાનો બાહ્ય દેખાવ અતિશય બિહામણો હતો. પરંતુ તેણે સ્વામી રામને કહ્યું કે—“ હું જાણીબુઝીને આમ વર્તું છું, જેથી કરીને કોઈ મારા સ્વાધ્યાયમાં ખલેલ ન પહોંચાડે અને સાથોસાથ બીજું એ પણ ખરું કે ભોજન કે કશી ચીજ વસ્તુ માટે મારે ગામના લોકો ઉપર આધાર ના રાખવો પડે. ” તેમનું મન-બુદ્ધિનું સંતુલન બરાબર હતું પરંતુ લોકોને આવતા રોકવા માટે એ-જાણે ચસકી ગયું હોય એમ વર્તતા હતા. તેમનું જીવન સંપૂર્ણપણે સ્વાવલમ્બી હતું; અને એ તે ગુફામાં એકવીશ વર્ષ સુધી રહ્યા તોપણ ગામમાંથી કોઈ કદી એને મળવા ગયું નહિ.

સ્વામી રામ અને અઘોરી બાબા સારીય રાત જાગતા રહ્યા અને બધો વખત બાબાએ ‘ અઘોર ’ સાધના વિષે વાતો કરવામાં ગાળ્યો. આ માર્ગ સ્વામી રામ માટે નહોતો પરંતુ આવી જીવનપદ્ધતિ અપનાવીને બાબા જે કંઈ બધું કરતા હતા તે જાણવાનું તેને કુતૂહલ હતું. કોઇ પણ પદાર્થ-પોતે ધારે તે પદાર્થમાં રૂપાંતર કરી શકે એવી શકિત બાબાને વરી હતી : દા. ત. પથ્થરના ટુકડાનું સાકરમાં રૂપાંતર.

બીજી સવારે બાબાએ આવી સંખ્યાબંધ રૂપાંતર–ક્રિયાઓ એક પછી એક કરી દેખાડી. એમણે સ્વામી રામને રેતીનો સ્પર્શ કરવા કહ્યું અને રેતીના કણ બદામ અને કાજુ બની ગયા સ્વામી રામે આ વિદ્યા વિશે અગાઉ સાંભળ્યું હતું અને તેની પાછળ રહેલ પાયાના સૈદ્ધાન્તિક તત્ત્વને તે જાણતા હતા; પરન્તુ આજ સુધી તેને એવી વાતોમાં બહુ શ્રદ્ધા બેઠી



નહોતી. તેણે વિદ્યાનું આ ક્ષેત્ર ખેડયું નહોતું પરંતુ તેને એ વિદ્યાના મૂળભૂત સિદ્ધાંતોની માહિતી હતી.

વિદાય લેતાં પહેલાં બપોરે સ્વામી રામ કાંઇક જમે એવો બાબાનો આગ્રહ હતો. આ વખતે માટીની તે જ હાંડીમાંથી એમણે જુદા જ પ્રકારની મીઠાઇ બહાર કાઢી તે સ્વામી રામ સાથે બહુ નરમાશથી વર્તતા હતા અને બધો વખત તંત્ર-શાસ્ત્રોની ચર્ચા કરતા હતા. તેમણે કહ્યું કે—“ આ વિદ્યાનો લોપ થઇ રહ્યો છે. શાસ્ત્રજ્ઞાની માણસો આ વિદ્યાને આચરણ-માં મૂકવા માગતા નથી. તેથી એક વખત એવો આવશે કે આ વિદ્યા ભૂલાઇ જશે.”

સ્વામી રામે પૂછ્યું કે—“ આ બધું કરવાની ઉપયોગિતા શી છે ?”

તેમણે કહ્યું કે—“ઉપયોગિતા ’-શબ્દથી તું શું કહેવા માગે છે ? આ એક વિજ્ઞાન છે અને આ વિદ્યાશાખાનો રોગો મટાડવામા વૈજ્ઞાનિક ઉપયોગ કરી શકે છે. ઉપરાંત આ વિદ્યા પદાર્થ અને ઊર્જાના પારસ્પારિક સંબંધ પરત્વે ખાસ પ્રકાશ પાડે છે. આ વિદ્યાના વૈજ્ઞાનિકે અન્ય વૈજ્ઞાનિકોને કહેવું જોઇએ કે પદાર્થનું ઉર્જામાં અને ઉર્જાનું પદાર્થમાં રૂપાંતર થઈ શકે છે. પદાર્થ અને ઉર્જાને લાગુ પડતો અને નિયંત્રિત કરતો નિસર્ગનો સિદ્ધાંત સમાન રૂપે એક જ છે. બધાં નામ અને રૂપોમાં રહેલ ‘ એકત્વ’નો સિદ્ધાંત અત્યારના વૈજ્ઞાનિકો–તેના સંપૂર્ણ અર્થ કે સ્વરૂપમાં–જાણુતા નથી. વેદાન્ત અને પ્રાચીન વિદ્યાર્થીઓએ જીવન–ચૈતન્યના એકત્વ-ના આ સિદ્ધાન્તને વર્ણવેલો છે. વિશ્વવ્યાપક ચૈતન્ય માત્ર એક જ છે અને વિશ્વનાં બધાં નામ–રૂપો તે એક માત્ર ચૈતન્યની વિવિધતાઓ છે. પદાર્થના બે આકાર વચ્ચે રહેલ

સંબંધને સમજવાનું કઠિન નથી કારણકે તેનું મૂળ ઉગમ સ્થાન–ચૈતન્ય માત્ર એક જ છે પાણી ઘન બને છે ત્યારે તેને બરફ કહે છે અને તેનું બાષ્પીભવન થાય છે ત્યારે તેને વરાળ કહે છે. નાના બાળકોને ખબર નથી હોતી કે આ ત્રણેય સ્વરૂપો એક જ પદાર્થના છે અને તાત્ત્વિક રીતે તેનાં બંધારણમાં કાંઈ ભેદ હોતો નથી ભેદ તો માત્ર તે પદાર્થ ધારણ કરે છે તે આકારોમાં હોય છે. આજના વૈજ્ઞાનિકો આવાં બાળકો જેવા છે. તેમને પદાર્થ જગત પાછળ રહેલાં એકત્વનું ભાન નથી અને તે બધા, પદાર્થના એક સ્વરૂપનું બીજા સ્વરૂપમાં પરિવર્તન કરવા માટેના સિદ્ધાંતથી અજાણ છે.”

બૌદ્ધિક રીતે સ્વામી રામ બાબાની વાત સાથે સંમત હતા અને છતાં તેમની જીવનપદ્ધતિ તેને પસંદ ન હતી. તેણે કોઈ બીજે વખતે મળવા આવશે એમ કહી વિદાય લીધી પણ તે ફરીથી કદી ત્યાં ગયા નહિ. આગલી રાતે ભયભીત અવસ્થામાં ભાગી નીકળેલા પંડિતની શી દશા થઈ છે તે જાણવા સ્વામી રામના મનમાં કુતૂહલ હતું. ગામમાં પંડિત મળતાં સ્વામી રામે આશ્ચર્યચકિત થઇ જોયું કે : ‘પડિત સમગ્રપણે બદલાઇ ગયા હતા અને તે અઘોરીબાબાને પંથે ચાલવાનું અને એમના શિષ્ય બનવાનું વિચારી રહ્યા હતા.

અઘોરપંથનું વર્ણન અથર્વવેદમાં જોવા મળે છે. ‘અઘોર’ એક રહસ્યમય સાધના છે. તે સાધના અંગે કાંઈ વિગત ગ્રંથોમાં ભાગ્યેજ જોવા મળે છે અને ભારતના યોગીઓ અને સંન્યાસી–સ્વામીઓ તે વિષે બહુ જૂજ સમજણ ધરાવે છે. વ્યાધિ–દર્દ મટાડનારી સૂર્યવિદ્યાનો પણ અઘોરપંથની ગુપ્ત સાધનામાં સમાવેશ થાય છે. ‘પ્રાણ’ ની ઉર્જા-સપાટીથી ઉચ્ચતર કક્ષાની સુસૂક્ષ્મ ચૈતન્યશક્તિઓનું જ્ઞાન અને તે



પરનું સ્વામિત્વ આ સૂર્યવિદ્યાથી પ્રાપ્ત થાય છે. ઈહ-લોક અને પાર-લોક વચ્ચે પૂલ સમાન કામ કરી પદાર્થજગતને નિયંત્રિત કરતો ચૈતન્યતંતુ ‘એક’ હોવાની હકીકત તે વિદ્યા સર્જનાત્મક રીતે પ્રસ્થાપિત કરે છે. અઘોરવિદ્યા આચરનારા બહુ જૂજ યોગીઓ છે અને જે આચરે છે, તેનાથી મોટા ભાગના લોકો દૂર ભાગે છે કેમકે તેમને અઘોરીસાધુના વર્તન–વ્યવહાર વિચિત્ર અને બિહામણા લાગે છે.

(સ્વામી અજય સંપાદિત ‘Living with the Himalayan Masters–ગ્રંથના આધારે)

પ્રભુ એ પ્રેમ છે, અને જે કોઈ પ્રેમમય બનીને જીવે છે તે પ્રભુમાં વસે છે ને પ્રભુ તેનામાં વસે છે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

## " મુખેથી ગોવિંદ બોલો "

ગોવિંદ– ગોવિંદ બોલો, મુખેથી ગોવિંદ બોલો ટેક
નામ પ્રભુજીનું પાવનકારી (૨)
અવસર છે અણમોલો, મુખેથી ગોવિંદ બોલો ! (૧)

ભક્તિમાં દુનિયાનું ભાન ભૂલીને (૨)
મસ્ત બનીને ડોલો, મુખેથી ગોવિંદ બોલો ! (૨)

કર્મનો મર્મ ને ધર્મ વિચારો (૨)
સત્યના ત્રાજવે તોલો, મુખેથી ગોવિંદ બોલો ! (૩)

કડવું કથન કદી કોઈ ને ના કે'જો (૨)
સત્ય સુધામય બોલો, મુખેથી ગોવિંદ બોલો ! (૪)

'જગદીશ' શરણું સાચું છે શ્યામનું (૨)
અંતરની આંખો ખોલો, મુખેથી ગોવિંદ બોલો ! (૫)

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)

*



## શ્રદ્ધા આપો

બુદ્ધિ નહીં, પ્રભુ ! શ્રદ્ધા આપો.
નાસ્તિકતાની જડને કાપો.
ચકરાતું મન, સ્થિરતા સ્થાપો;
જપે નિરન્તર ઉર તવ જાપો
બુદ્ધિ નહીં, પ્રભુ ! શ્રદ્ધા આપો.

બુદ્ધિની જડ ઊંડે ઊંડે
મતિ–વિભ્રમ શો ! પ્રમત્ત તુણ્ડે.
શંકા-કીટક જ્યાં સળવળતો
જીવતરમાં અસ્થિરતા ભરતો;
જપું નિરંતર ઉર શિવ જાપો
બુદ્ધિ નહીં, પ્રભુ ! શ્રદ્ધા આપો.

પાંગરતી છો બુદ્ધિ–વેલી
હો ભક્તિનાં ફુલે ફૂલેલી !
નિર્ગુણ બુદ્ધિ સગુણા ભક્તિ;
હો શંકર મુજ જીવન–શક્તિ.
કલેશ ત્રિ-વિધ, શિવ ! કૃપયા કાપો
બુદ્ધિ નહીં, પ્રભુ ! શ્રદ્ધા આપો.

ડૉ રણજિત એમ. પટેલ (अनामी)

## પ્રભુ, તવ પાસ આવ્યાં

ભવદરીઓ તો ખારો રે, પ્રભુ તવ પાસ આવ્યાં;
એથી તરસ ના છીપી રે, પ્રભુ તવ પાસ આવ્યાં,

અમ આંખો તો જુઓ રે. બની તેજ હીણી,
અમ પાંખો ભીંજાણી રે, ભીને વાન ઊડણહીણી:
ખારે પીંછાં તો ખરીયાં રે, પ્રભુ તવ પાસ આવ્યા.
ભવ૦

કોણ બીજાને કહીએ રે ? વીતક ભારે પીડાકારી;
અમ પોકાર સૂણજો રે, હૈયે શી શી હોળી ભારી !
અમીવર્ષણની આશે રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦

જગજળની ના લગની રે, આંખો ’મારી અશ્રુભરી;
દિવ્ય દર્શન તો દેજો રે, વિરહાતુર આવ્યાં જરી :
દુઃખમેટણહારા રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦

દિવ્ય આંખો ને પાંખો રે, પ્રભુ અમને આપો ખરી;
એમાં ઝંખના ભરવી રે, અગોચર ઊડણ વળી :
દાસ ચરણમાં રહેવા રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦

ચણવા ચણ વૈકુણ્ઠના રે, પીવાં સ્વર્ગંગપીણાં;
ઓઢણ આકાશગંગનાં રે, પ્રસ્તર પારિજાત તણાં :
પોઢણ આપો અવિત્તલ રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦



ફરી પડવું ન જગયોાન રે, ન કોઈ અહીંની જંજાળે;
આ નયણાંની લગની રે, તવ દરશાનની પાળે :
મૂકો હાથ તો શિરપર રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦

અમને કોઇ ન દૂર કરે રે, નિરન્તર તુંમય રહીએ;
તદાકાર તો તુંથી રે, સદા બનીને રહીએ :
ચરણામૃતની આશે રે, પ્રભુ તવ પાસ આવ્યાં.
ભવ૦

વિભુ, એટલી અરજી રે, સૂણો, બીજી નવ સરજી;
નવ ઓજચૈતન્યે રે, ઓળઘોળ બનીએ હરજી !
સ્નેહાનન્દના સાગર રે, પ્રભુ તવ પાસ પાસ આવ્યાં.
ભવ૦

ડૉ. અશ્વિન ડી. પટેલ.

# પ્રકાશના પંથે

(આત્મકથા)

યોગેશ્વરજી
સંક્ષેપ : નારાયણ હ. જાની

## સંતોનો મેળાપ

ઋષિકેશમાં રોજના ક્રમ પ્રમાણે સાંજે હું ગંગાકિનારે ફરવા ગયેલો. ત્યાં એક મુસાફર ભાઈની મુલાકાત થઈ. તેમણે કહ્યું, “સંત મહાત્માના દર્શનની ભાવનાથી હું હિમાલય આવ્યો છું. દેવપ્રયાગ કે ઉત્તરકાશીમાં સિદ્ધ પુરુષો રહે છે, એમ મેં સાંભળ્યું છે.”

મેં કહ્યું, “દેવપ્રયાગમાં નહિ, પરંતુ ઉત્તરકાશીમાં તમને સંત મહાત્માના દર્શનનો લાભ જરૂર મળશે. પણ તેથી તમને સંતોષ કે શાંતિ મળશે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. કાળના પ્રભાવ પ્રમાણે હિમાલયમાં પણ શુદ્ધ, સંયમી ને પ્રભુપરાયણ જીવન જીવનારા સંતો થોડા છે. અભ્યાસી ને વિદ્વાન સંતપુરુષો મળે છે, પરંતુ તપસ્વી, અનુભવી ને સાધના કરનારા પુરુષો ભાગ્યે જ મળે છે, અને મળે તોય, તેમને ઓળખવાનું કામ કઠિન છે.”

મારા શબ્દો સાંભળી તે પ્રસન્ન થયા. પછી તે ઉત્તરકાશી ગયા કે નહિ તે ખબર નથી. પરંતુ તેમની વાતચીત પછી, ઉત્તરકાશીના મારા અનુભવો સ્મૃતિપટ પર તાજા થયા. મેં સાંભળેલું કે ત્યાં ઘણી ઊંચી કોટિના વિરક્ત ને તપસી મહાત્માઓ નિવાસ કરે છે, પરંતુ પ્રત્યક્ષ અનુભવ પછી તે વાત અતિશયોક્તિ ભરેલી લાગી. તે સ્થળોમાં કેવળ વાસ કરવાથી



કોઈ તપસ્વી કે વિરક્ત નથી થઇ જતું; કે કૌપીન ને કંથાને ધારણ કરવાથી. જીવનમુક્તિમાં મુખ્ય ભાગ મન ભજવે છે. એટલે માણસનું મન ને વૃત્તિ શામાં રમે છે, પરમાત્મામાં કે સંસારમાં તેનું નિરીક્ષણ કરવું પડે છે. તે દૃષ્ટિએ ઋષિકેશની જેમ ઉત્તરકાશીમાં પણ ઉત્તમ કોટિના સંતો વિરલ દેખાયા. તેઓમાંના બેચારનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય.

ઉત્તરકાશીમાં વિશ્વનાથ મહાદેવના સ્થાનમાં, નાની સરખી કુટિયા કરીને નાગાજી નામે સંત રહેતા. તેઓ શરીર પર કૌપીન ને ભસ્મ વિના બીજું કાંઈ ન રાખતા. માથે મોટી જટા ને તદ્દન કૃશ શરીર. તેઓ વર્ષોથી મૌનવ્રત પાળતા એટલે ખુલ્લી રીતે તેમની સાથે વાતચીત કરી શકાય તેમ ન હતું.

તેમને ક્ષેત્રમાંથી મદદ મળતી એટલે હાથે રસોઈ બનાવી લેતા. તેમની કુટિયામાં અગ્નિ જાગ્રત જ રહેતો.

તેમના એક પ્રશંસક પાસેથી સાંભળેલું કે તેઓ રાતે સુતા નથી, જાગતા જ રહે છે. ને સાધના કરે છે. મેં પણ પાછલા થોડા મહિનાથી તેવી ટેવ પાડેલી એટલે તે વાત સમજતાં મને મુશ્કેલી ના પડી.

નાગાજીની મુખાકૃતિ શાંત ને પ્રસન્ન રહેતી. તેમની આંખો પણ તેજસ્વી દેખાતી. સાધનામાં સારી અનુભવ દશાની પ્રાપ્તિ થઈ હશે એમ જણાતું. પહેલી મુલાકાત પછી તેમનો મારા પર પ્રેમ વધવા માંડ્યો. તેમની સાથે જે થોડી ઘણી સાંકેતિક વાતો થતી તે અનુભવના પીઠબળવાળી હતી. તેમણે એકવાર મને આ રીતે કહેવા માંડ્યું. “સાધુપુરુષે બે

વસ્તુ ખાસ સાચવવાની–જીભ અને ઉપસ્થ. તેમના સંયમ વિના બધું નકામું છે. સાધુજીવનનું મહત્વ નથી રહેતું.'

સાધુપુરુષે કે જીવનની ઉન્નતિની ઇચ્છાવાળા કોઇ પુરુષે એ શબ્દો યાદ રાખવા જેવા છે. જીભના વિષયમાં રસાસ્વાદ ને વાણી બન્નેનો સમાવેશ થઈ જાય છે. પ્રત્યેક ધર્મના મહાપુરુષોએ સંયમની આવશ્યકતા સ્ત્રી અને પુરુષ બન્ને માટે જરૂરી ગણાવી છે. જીભ અને ઉપસ્થનો સંયમ શ્રમ-સાધ્ય છે. તે માટે સતત જાગ્રતિ, આત્મનિરીક્ષણ ને પ્રભુ પ્રાર્થનાનો આધાર લેવો આવશ્યક છે. સારાં પુસ્તકોનું વાંચન પણ સહાયક થઈ પડે. સંયમ વિના આત્મિક ઉન્નતિની સાધના અધૂરી જ રહેશે.

શ્રી નાગાજીની ઇચ્છા હું ઉત્તરકાશીમાં કાયમ માટે રહી જાઉં એવી હતી. અવારનવાર તે ઇચ્છા વ્યક્ત પણ કરી બતાવતા. ઉત્તરકાશીનું વાતાવરણ મને ફાવી ગયેલું, પરંતુ ઈશ્વરની ઈચ્છાનુસાર મારે ત્યાં વધારે વખત રહેવાનું ના થયું. છતાં તેમના જેવા સાચા સંતપુરુષની સ્મૃતિ મારા દિલ-માં કાયમ રહી છે. સંતોનો સ્નેહ, સ્મૃતિ, ને સમાગમ સદાયે સુખકારક ને શાંતિદાયક છે. વખતના વીતવા સાથે વધે ને અમર રહે તે જ બરાબર છે.

ઉત્તરકાશીમાં તે વખતે એક બીજા ઊંચી શ્રેણીના સાધક-નો સમાગમ થયા કરતો. તેમનું નામ મોતીલાલ બ્રહ્મચારી. તેઓ ગંગાના બીજા કિનારે આવેલ નાના સરખા ગામમાં રહેતા. ઉત્તરકાશી અવારનવાર આવતા ત્યારે મને અચૂક મળતા. ચાલીસ વર્ષની તેમની વય છતાં યોગાભ્યાસને લીધે પચ્ચીસેક વર્ષના દેખાતા. તેમને યોગની સાધનામાં રસ હતો



એટલે કેટલીક પ્રારંભિક તાલીમ લઇને તેઓ હિમાલયમાં આવી ઉત્તરકાશીમાં સ્થિર થયેલા. તેઓ રાતે બે વાગે ઊઠીને આસન અને પ્રાણાયામની સાધનામાં લાગી જતા. બપોરે એક વાર દૂધ ને ભાતનું ભોજન કરતા. ભોજન હાથે જ બનાવી લેતા. ઉત્તરકાશીથી થોડે દૂર બ્રહ્માજી નામે યોગી રહેતા. તેમની પાસેથી પ્રાણાયામની ક્રિયાની પ્રાપ્તિ થયેલી. તેથી તેમને ખૂબ લાભ થયેલો. તેઓ એક કલાક સુધી કુંભક કરી શકતા ને તેમની ઇચ્છા કોઇ વિઘ્ન ન નડે તો બે ત્રણ વર્ષમાં ત્રણ કલાકનો કુંભક સિદ્ધ કરવાની હતી. તેઓ ખૂબ ઉત્સાહી ને પુરુષાર્થી સાધક હતા. એવા સાધકો બહુ ઓછા જોવા મળે છે.

તે વાતને આજે વર્ષો વીતી ગયાં છે. ૧૯૪૪ના એ મોતીલાલ બ્રહ્મચારી કદાચ આજે મોટા અનુભવી યોગી બની ગયા હશે.

સાધનાનો માર્ગ કષ્ટ સાધ્ય છે તેમાં ભારે ઉત્સાહ, લગની, તાલાવેલી ને પુરુષાર્થની જરૂર પડે છે. યોગની સાધના તો એનાથીયે કપરી છે. બધા માણસોમાં વર્ષો સુધી એકધારા વળગી રહેવાની શક્તિ નથી હોતી. એટલે ઓછા સાધકો યોગનો માર્ગ પસંદ કરે છે ને તેથીયે ઓછા તેમાં સફળ થઇ શકે છે.

ઉત્તરકાશીમાં તે દિવસોમાં ગંગોત્રીમાં રહેતા પ્રસિદ્ધ મહાત્મા શ્રીકૃષ્ણાશ્રમના દર્શનનો લાભ મને મળ્યો. તેઓ મારી પાસેની કુટિયામાં ઉતરેલા. તેઓ નગ્નાવસ્થામાં જ રહેતા ને મૌન રાખતા. સંસ્કૃત સારૂં જાણતા એમ કહેવાતું. મેં મુલાકાત લીધી ત્યારે તેઓ કુટિયામાં પરાળ જેવા સુકા ઘાસ પર બેઠેલા. તેમની મુખાકૃતિ જટા ને દાઢીથી ભરેલી ને

પ્રભાવશાળી લાગતી. તેમનું એ પહેલું દર્શન હતું. તેમની સાથે એક પર્વતીય સ્ત્રી પણ હતી, જે તેમની સેવા કરતી.

થોડા જ દિવસોમાં તેઓ ગંગોત્રી જવા રવાના થયા પરંતુ આગળ ઉપર તેમની સાથે થયેલ પરિચયની વાત કરીશું.

સ્વામી તપોવનજી, દેવગિરિજી તથા પ્રજ્ઞાનાથજીનાં દર્શનનો લાભ પણ ઉત્તરકાશીમાં થયેલો. પ્રજ્ઞાનાથજી યોગ સાધનામાં વિશેષ રૂચિ રાખતા ને યોગક્રિયાઓ કરતા રહેતા.

(ક્રમશઃ)

છેલ્લાં થોડાં વરસોમાં જો તમે કોઈ મહત્ત્વનો અભિપ્રાય બદલ્યો ન હોય, અથવા નવો બાંધ્યો ન હોય, તો તમારી નાડીના ધબકારા તપાસી જોજો—તમે કદાચ મૃત્યુ પામેલા હશો



# શ્રીમદ્ ભાગવત સુધા

પ્રા. જનાર્દન દવે.

શ્રીમદ્ શબ્દ વિષે વિચાર કરતાં આપણે જોઈ ગયા કે જેનામાં શ્રી છે તે શ્રીમદ્ વળી શ્રીશબ્દના સૌંદર્ય, માધુર્ય અને શ્રીરાધા એવા અર્થો થાય છે એ વાત પણ થઇ ગઈ. ભાગવતમાં સૌંદર્ય, માધુર્ય અને ત્રણ પ્રસંગોમાં શ્રીરાધાનો પરોક્ષ ઉલ્લેખ છે તે વાત પણ થઈ.

શ્રીમદ્ ભાગવતમાં બે વ્યક્તિઓ જ્યારે જ્યારે બોલે છે ત્યારે માત્ર આ બે વિશિષ્ટ વકતાઓનાં નામ આગળ જ શ્રી શબ્દ લગાડાય છે. (૧) श्रीशुक उवाच (૨) श्री भगवानुवाच. બસ આ બે વક્તાઓ સિવાય ब्रह्मोवाच, व्यास उवाच, कुन्त्युवाच, विदुर उवाच એમ કોઈના પણ નામ આગળ શ્રી શબ્દનો વ્યવહાર થતો નથી. શા માટે ? જે વ્યકિતનો શ્રી શ્રીરાધા સાથે નિત્ય સંબંધ હોય તેવી વ્યકિત આગળ જ શ્રી શબ્દ લગાડવાનો ભાગવતનો સંપ્રદાય છે.

શ્રીરાધા ભગવાનનાં નિત્યાશકિત, આલ્હાદિની શક્તિ છે માટે श्री भगवानुवाच શ્રીરાધા વિના શ્યામ આધે-અર્ધા જ છે. અમારા આચાર્ય શંકર પણ કહે છે शिवः शक्त्या युक्तः प्रभवितुं युक्तः શિવ શકિતવાળા હોય ત્યારે જ ઉત્પત્તિ સ્થિતિ લય કરી શકે છે. नचेत् एवं देवो न खलु कुशलः स्पन्दितुमपि એમ ન હોય તો તે સ્પંદન કરવા પણ સમર્થ નથી. આમ મહામાયા વિના, શ્રીરાધા વિના શ્રીકૃષ્ણ અપૂર્ણ છે એવી વૃન્દાવન અને શાસ્ત્રપરંપરા છે માટે શ્રી શબ્દ ભગવાનની આગળ લગાડાય છે.


વળી ભાગવતના પ્રધાન વક્તા શુકદેવજી શ્રીરાધાના કૃપાપાત્ર શિષ્ય છે. નિત્ય ગોલોકમાં તેઓ પોપટ રૂપે શ્રીરાધા પાસેથી કૃષ્ણમંત્ર અને લીલાદર્શન પામ્યા હતા એટલે શુકદેવ એવું આખું નામ ભાગવતમાં ન આપતાં (પોપટ) એવું નામ આપે છે. ગુરુશિષ્યનો સંબંધ પણ નિત્ય સંબંધ છે. શિષ્ય પોતાના સદ્ગુરુદેવ પાસેથી વિદ્યા પામીને છૂટો પડ્યા પછી પણ તે તેના ગુરુદેવનો જ વશવર્તિ સેવક ગણાય છે. શ્રી જૈમિનિ, શ્રી પૈલ વગેરે વેદવેત્તાઓ દાર્શનિકો પણ કાયમ ભગવાન વ્યાસના શિષ્યો તરીકે જ ઓળખાતા હતા. આમ ભગવાન શુકદેવજી શ્રીમદ્ ભાગવતના આચાર્ય વક્તા ગણાયા છતાં શ્રીરાધા એમના સદ્ગુરુ છે એટલે શ્રીशुकउवाच એમ તેમની સાથે સદ્ગુરુનું સ્મરણ પણ જોડાય છે. વેદાંત સંપ્રદાયમાં પણ એવી રીત છે કે બધા સાથે અદ્વૈતભાવ રાખવો. પણ સદ્ગુરુ સાથે અદ્વૈત ન હોય. સદ્ગુરુ તો નિત્ય પૂજ્ય અને નિત્ય વંદ્ય છે. આમ શ્રીમદ્ ભાગવતમાં બે વક્તાઓ સાથે શ્રી લગાડવામાં આવે છે. પરમપૂજ્ય ભાગવતાચાર્ય શ્રી અખંડાનંદ સરસ્વતીજી મહારાજ शुक શબ્દની બહુ સરસ વ્યુત્પત્તિ આપે છે शुद्धं यथाश्रुतं कथयति सः शुकः વક્તા પાસેથી જે કંઈ સાંભળ્યું બરાબર તે જ શુદ્ધ રૂપમાં પોતે કહે છે માટે शुक લૌકિક પોપટ પણ તેને શીખવનાર જે કંઈ બોલે તે જ પોતે બોલે છે, પોતાનું ઉમેરતો નથી. આજકાલ મૂળગ્રંથ પર બોલવાને બદલે વક્તાઓ શેરશાયરીઓ અને હાસ્યરસના અનેક દૃષ્ટાંતો વચ્ચે વચ્ચે આપે છે. મૂળગ્રંથનો મોટો ભાગ છૂટી જાય અને બીજું ઘણું વધારે આવે. ગણેશપુરિના ભગવાન મુક્તાનંદ બાબા કહેતા કે કવિ બે પ્રકારના હોય છે. વર કવિ અને નરકવિ. જેનો ગ્રંથ કે કવિતા ઈશ્વરનું વરદાન પામેલ હોય



તે વરકવિ, બાકીના બધા નરકવિ. અમારા શ્રદ્ધેય વક્તાઓ પણ વર કવિના ગ્રંથને સમજાવવા સામાન્ય નર કવિઓનો આશ્રય લે ત્યારે ઔચિત્ય જળવાતું નથી. શ્રીમદ્ ભાગવતમાં બ્રહ્માજીએ નારદજીને આજ્ઞા કરી છે કે

यथा हरौ भगवति नृणां भक्तिर्भविष्यति ।
सर्वात्मन्यखिलाधारे इति संकल्प्य वर्णय ॥

મનુષ્યોની સર્વાત્મા અને સર્વના આધારરૂપ શ્રીહરિમાં ભક્તિ વધે એવો સંકલ્પ લઈને તું હરિકથા વર્ણવજે," એટલે જ ભગવત્કથામાં શૃંગારરસ અને હાસ્યરસ ગૌણ હોવા જોઈએ. જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિપોષક શાંતરસ જ મુખ્ય બની રહેવો જોઈએ. અમારા ભગવતાચાર્ય ભગવાન શુકદેવજી પોતાના સદ્ગુરૂદેવ શ્રીશ્રીરાધા પાસેથી સાંભળેલું અને તેમના અનુગ્રહથી સાક્ષાત જોયેલું વર્ણવે છે માટે शुद्धं यथाश्रुतं कथयति सः शुकः છે.



આપણે બધા ભિખારી છીએ—જરીક કાંઇ કર્યું કે એના બદલાની આશા રાખવાના ! આપણે બધા દુકાનદારી કરીએ છીએ—સદ્ગુણોમાં દુકાનદારી, ધર્મમાં દુકાનદારી, અરે પ્રેમમાં સુદ્ધાં દુકાનદારી ! કશું માગો નહીં, બદલામાં કશું ઇચ્છો નહીં તમારે જે આપવાનું હોય તે આપી છુટો.

# નિરાકારના ઉપાસક મહાયોગી તોતાપુરી

નારાયણભાઈ હ. જાની.

આ પ્રકારની અદ્વૈતની સાધનામાં પ્રવેશ મેળવવા માટે સૌ પ્રથમ રામકૃષ્ણ માટે વિધિપૂર્વક તોતાપુરી પાસેથી સંન્યાસની દીક્ષા લેવી જરૂરી હતી. આ દીક્ષામાં સર્વ પ્રકારની દુન્યવી વસ્તુઓનો ત્યાગ કરવાનો તેમજ દીક્ષા પ્રદાન કરનારને ગુરૂ તરીકે સ્વીકારવાના હોય છે. આ દીક્ષા વિધિમાં જનોઇનો પરિત્યાગ કરી, માથે મુંડન કરાવી શિખાનો પણ ત્યાગ કરવામાં આવે છે. રામકૃષ્ણ આ માટે સંમત થયા, પરંતુ એમણે આ વિધિ ખાનગી રીતે, એકાંતમાં થાય કે જેથી એમની માતાને એની ખબર ન પડે, તે માટે તોતાપુરીને વિનંતી કરી. તેઓએ એ સ્વીકારી. જો કે ઈશ્વરની પ્રાપ્તિ માટે, કેટલાંય વર્ષોથી રામકૃષ્ણે બધી જ દુન્યવી વસ્તુઓનો ત્યાગ કર્યો હતો એટલે ચંદ્રાવતીને એનું દુઃખ ન થવું જોઈએ. પરંતુ એ વખતના બંગાળી સમાજમાં સંન્યાસીની ગણતરી પરિવ્રાજક—સતત ફરનારા સાધુ તરીકે થતી. વળી રામકૃષ્ણ જ્યારે નાના હતા ત્યારે બીજા સાધુઓ તેને સમજાવી પટાવી સાધુ ન બનાવી દે, એવી બીક ચંદ્રાવતીને હંમેશ રહેતી. એટલે હવે એણે સંન્યાસીની દીક્ષા લીધી છે તો તે તોતાપુરી સાથે એમનો ત્યાગ કરી ભટકવા નીકળી પડશે એવો એમને ભય લાગે એ સ્વાભાવિક હતું. રામકૃષ્ણ પોતાની માતાને આવો કોઇ નિરર્થક ભય ન લાગે તે જોવા માગતા હતા.



થોડા દિવસો પછી, શુભ દિવસ જોઈ, બ્રાહ્મમુહૂર્તમાં, પવિત્ર અગ્નિ પ્રકટાવી પંચવટી પાસેના એક ઝૂંપડામાં આ દીક્ષાની વિધિ તોતાપુરીએ પતાવી. દક્ષિણેશ્વરના કમ્પાઉન્ડમાં આજે પણ આ ઝૂંપડી છે અને તેને ખૂબ પવિત્ર સ્થાન તરીકે માનવામાં આવે છે.

આ દીક્ષા વિધિ કેવી રીતે કરવામાં આવ્યો તેનું વર્ણન ખૂદ રામકૃષ્ણદેવે આ પ્રમાણે કર્યું છે.

“દીક્ષા પ્રદાન કર્યા પછી તોતાપુરીએ મને અદ્વૈત તત્ત્વજ્ઞાનની અભિવ્યક્તિ કરતાં अहं ब्रह्मास्मि, सोऽहम्, तत्त्वमसि ને शिवोऽहम् જેવા પદોનો ઉચ્ચાર કરાવ્યો. પછી બધાજ દુન્યવી જીવો કે વસ્તુ પદાર્થોમાંથી મનને પાછું વાળી, ફક્ત એક આત્માના ચિંતનમાં ડૂબાડવા કહ્યું. પરંતુ હું જેવો આ રીતે ધ્યાનમાં બેઠો કે મને માલુમ પડ્યું કે હું મારા મનને નામ અને રૂપથી ઉપરની સ્થિતિમાં લઈ જઈ શકતો નથી. હું એને નિષ્ક્રિય બનાવી સ્થિર કરી શકતો નથી. જો કે મારા મનને પ્રાણી અને પદાર્થોની સભાનતાથી હું અટકાવી શકતો, તે મારે માટે મુશ્કેલ ન હતું; પરંતુ જ્યારે હું એમ કરવા જતો કે જગદંબાનું દિવ્ય સ્વરૂપ-જેને હું ખૂબ સારી રીતે જાણતો ને જે પૂર્ણ ચૈતન્યનું બનેલું છે, તે દેખાવા લાગતું. એનું આ ચિન્મય સ્વરૂપ મને એથી ઉપર ઊઠી આગળ જવા ન દેતું. મેં વારંવાર શ્રી તોતાપુરીની આ અંગેની સૂચનાઓ ધ્યાનથી સાંભળી અને ધ્યાનમાં બેસવા પ્રયાસ કર્યો, પરંતુ ઉપર પ્રમાણે જ માનું સ્વરૂપ દેખાયા કરતું. એ જોઈ હુ થાકીને નિરાશ જેવો થઈ ગયો. આખરે મેં આંખ ઉઘાડી—શ્રી તોતાપુરીને કહ્યું, “ના, મારાથી એ નહિ થઈ શકે. હું મારા મનને નિષ્ક્રિય કરી આત્મામાં ડૂબાડી શકતો નથી ” આ

સાંભળી તે ગુસ્સે થઇ ગયા. એમણે મને સખ્ત ઠપકો આપ્યો ને તાડુકી ઊઠ્યા, “તું શું કહેવા માંગે કે થઇ શકતું નથી?”

“એ થવું જ જોઇએ” એમ કહી ઝૂંપડીમાં આસપાસ નજર કરતાં છેવટે એક કાચનો નાનો ટુકડો મળી આવ્યો. એમણે એ ઉઠાવી બે ભ્રમરોની વચ્ચેના કપાળના ભાગમાં એની અણિ દબાવી. તે સોય જેવી તીક્ષ્ણ હતી. પછી એમણે કહ્યુ, “મનને અહીં સ્થિર કર.” એ સૂચના પ્રમાણે ખૂબ નિશ્ચયપૂર્વક હું ફરીથી ધ્યાનમાં બેઠો; અને જેવું જગદંબાનું સ્વરૂપ દેખાયું કે તુરત જ જાણે કે અદ્વૈતના જ્ઞાનની તલવારથી મેં એનું મસ્તક ધડથી જુદુ કરી નાંખ્યું. મેં જેવું આમ કર્યું કે તુરતજ મનમાં શૂન્યાવકાશ છવાઈ ગયો. મન બધાજ દ્વૈતના વિચારોથી પર બની ગયું ને અદ્વૈતમાં ડૂબી ગયું, કે જ્યાં કેવલ એક પરમ તત્ત્વ સિવાય બીજું કંઈ અસ્તિત્વ ધરાવતું નથી.”

શ્રી રામકૃષ્ણને આમ પ્રથમવારજ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઇ. એ સ્થિતિમાં જાણનાર કે જાણવાયોગ્ય કશુંજ રહેતું નથી. આત્મા એજ પરમાત્મા છે એની પ્રતીતિ થાય છે, ને દ્વૈતભાવની આછી પાતળી ભિન્નતા પણ એ સ્થિતિમાં ટકવા પામતી નથી. આ અગાઉ રામકૃષ્ણે જે સમાધિ અનેકવાર અનુભવેલી તેમાં આવું સંપૂર્ણ તદાકારત્વ એમણે કદી અનુભવ્યું ન હતું. રામકૃષ્ણ જાણતા હતા કે જગદંબા બ્રહ્મથી જુદાં નથી. છતાં એમના પ્રત્યેના અતિ પ્રેમને લીધે. એ સૌ પ્રથમ આ સત્યને સંપૂર્ણપણે સ્વીકારવા તૈયાર ન હતા. એમને મન આમ કરવું એ ખૂન કરવા જેટલું ભયંકર હતું. એટલેજ અદ્વૈતના જ્ઞાનને એમણે તલવાર તરીકે વર્ણવી છે. એમના મનમાં જગદંબા પ્રત્યેનો પ્રેમ દ્વૈતભાવના અંતિમ અવશેષ-



રૂપ રહેતો. જ્યારે તેઓ એનાથી પર થઈ શક્યા. ત્યારેજ તેઓ બ્રહ્મ સાથે પરમ ઐક્ય સાધી શક્યા.

તોતાપુરી અદ્વૈતના ઉપાસક હતા. વેદાંતના સિદ્ધાંતો પ્રમાણે બધાંજ નામ તથા રૂપોનો અસ્વીકાર કરી, તેમાં નિગૂઢ રહેલ બ્રહ્મ તત્ત્વની અનુભૂતિ ‘નેતિ નેતિ’ના જ્ઞાનને વિવેક દ્વારા, ઘણાં વર્ષોની ક્રમશઃ સાધના પછી નિર્વિકલ્પ સમાધિ વડે પ્રાપ્ત કરીશક્યા હતા. આપણે અગાઉ જોયું છે કે તોતાપુરી બધાજ પ્રકારનાં દ્વૈતસ્વરૂપોની ભક્તિ પ્રત્યે ઉદાસીન હતા. એમણે બીજા અનેકોની જેમ, એ સાબીત કરી આપ્યું છે કે ઊંચામાં ઊંચી આધ્યાત્મિક અનુભૂતિ માટે ભક્તિ એ આવશ્યક જ છે, એમ નથી.

એ સાચું છે કે જ્ઞાનનો માર્ગ બધાંને માટે સરળ નથી, જ્યારે ભકિત એ માનવોના મોટા સમુદાય માટે સ્વાભાવિક છે. રામકૃષ્ણે પોતાની દ્વૈતની ઉપાસના દ્વારા એ સાબિત કરી આપ્યું છે કે ભકિત વડે પણ અદ્વૈતજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે, એટલું જ નહિ પણ તે સહેલો ને સલામત માર્ગ છે. જ્ઞાનના માર્ગ માટે ખૂબ મજબૂત મનોબળ ને તપ જોઇએ. વળી જ્ઞાન માર્ગમાં આગળ વધનાર સાધકને માટે પોતે બીજાથી ચઢિયાતો છે એવા સાત્ત્વિક અહંનો ભય રહે છે. એટલે જ શ્રી રામકૃષ્ણદેવે ભકિત વડે દ્વૈતની ઉપાસના કરી જેને તોતાપુરી પસંદ કરતા ન હતા. અને સહુને પ્રતીતિ કરાવી કે જે જ્ઞાનમાર્ગેથી પ્રાપ્ત થઈ શકે છે, તે ભકિતથી પણ શક્ય છે.

શ્રી રામકૃષ્ણની બાહ્ય ચેતનાનો લોપ થયેલો જોઈ, તોતાપુરી, ખાસ્સા સમય સુધી તેમની પાસે બેસી રહ્યા. આખરે,

રામકૃષ્ણને કોઈ ખલેલ ન પહોંચે એમ વિચારી ઝૂંપડીનો દરવાજો બંધ કરી. એ ચાલ્યા આવ્યા. બહાર આવી તેઓએ પંચવટીમાં પોતાની બેઠક જમાવી અને ઝૂંપડીનો દરવાજો ખોલવા માટેની રામકૃષ્ણની બૂમની પ્રતિક્ષા કરવા લાગ્યા.

પરંતુ એક આખો દિવસ અને રાત પસાર થઈ ગયાં. અને બીજો દિવસ પણ વીતી ગયો. આમ ત્રણ દિવસો થઈ ગયા, એટલે તોતાપુરીએ ઝૂંપડી પાસે જઇને દરવાજો ઉઘાડ્યો. એમણે જોયું કે શ્રી રામકૃષ્ણ પહેલે દિવસે જે રીતે બેઠેલા હતા, એમજ હજી બેઠા હતા. શરીર તદ્દન સ્થિર ને જડ. બાહ્ય ચેતનાનું કોઈ ચિહ્ન જણાતું ન હતું. ફક્ત તેમના શાન્ત ચહેરા ઉપર પ્રકાશ પથરાયેલો દેખાતો હતો. આ જોઈ, તોતાપુરીને ભારે નવાઈ લાગી એમને થયું કે ઘણાં વર્ષોની પરિશ્રમયુક્ત સાધના પછી મેં જે સ્થિતિ પ્રાપ્ત કરી, તે આ મહાપુરુષે શું એક દિવસમાંજ સિદ્ધ કરી લીધી ! શું આ ખરેખર નિર્વિકલ્પ સમાધિ હશે ? એ વારંવાર એમના હૃદય, ફેફસાં ને નાક આગળ કાન ને હાથ ધરી જોવા લાગ્યા. પરંતુ બાહ્ય ચેતના કે હૃદયના ધબકારા બિલકુલ સંભળાયા નહિ. આથી તેઓ દીર્ઘ સ્વરે હરિ ૐ નો મંત્રોચ્ચાર એમના કાનમાં કરવા લાગ્યા. આખરે, રામકૃષ્ણે એમની આંખો ધીરેથી ઉઘાડી અને એમના નવા ગુરૂના ચરણોમાં ઢળી પ્રણામ કર્યા. તોતાપુરી એમને ખૂબ પ્રેમ અને પૂજ્યભાવથી ભેટી પડયા. પોતાના આ નવા શિષ્યની પાત્રતાથી એ એટલા બધા રાજી થઈ ગયા કે એમણે એમનો એક સ્થળે ત્રણ દિવસથી વધુ ન રહેવાના નિયમનો ભંગ કરી, અનિશ્ચિત મુદ્દત સુધી રામકૃષ્ણ પાસે રહેવાનું નક્કી કર્યું.

(ક્રમશઃ)



# 'કૃપા દૃષ્ટિ'

પ્રપન્નાલાલ કાજી.

સુરતમાં બેસંટ હોલમાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો કેટલાંક વરસો પર યોજાયાં હતાં. પૂ. શ્રી બેસંટ સાથેના અતિથિ ગૃહમાં સ્વ. પૂ. માતાજી સાથે ઉતર્યા હતા. બેસંટ હોલમાં સાફસુફી માટે ભગતરામ નામનો ગુરખો છે. તે રાધાસ્વામી સંપ્રદાયનાં પુસ્તકો વાંચે ને પુજા વિધાન કરે છે. પરંતુ એને વીસ વરસથી સીગારેટ પીવાની આદત હતી. તેને તે ન ગમતી. અને એને તિરસ્કારતો, પણ છુટતી ન હતી.

એણે પૂ. શ્રી યોગેશ્વરજીને આ આદત છોડાવવા ઘણીવાર વિનંતી કરીને તત્પરતા બતાવી. આથી પૂ. શ્રીએ એને માચીસ સીગારેટ ને એક જમરૂખ લઈ સવારે આઠવાગે આવવા સૂચના આપી.

બીજે દિવસે એણે ત્રણે વસ્તુઓ લાવી, પૂ. શ્રીની સામે ટેબલ પર મૂકી. પૂ. શ્રીએ એમની ઉપર નજર કરીને મનોમન જગદંબાને પ્રાર્થના કરી. પછી ભગતરામને જમરૂખ ખાવા ને તે પછી સીગારેટ સળગાવી પીવા કહ્યું.

જમરૂખ તો એણે ખાધું. પરંતુ તે પછી સીગરેટ સળગાવી, ત્યારે એને એવી તો ઘૃણા થઇ કે તેણે સીગરેટની આખી ડબી બહાર ફેંકી દીધી.

બસ. તે દિવસ પછી ભગતરામે કદી સીગરેટ પીધી નથી. વીસ વર્ષનું ભારે વ્યસન આમ પૂ. શ્રીની કૃપાદૃષ્ટિથી છૂટી ગયું !

# ધ્યાન વિષે

સંકલન : મણિભાઈ શાહ

[ પરમહંસશ્રી રામકૃષ્ણદેવના ઉદ્ગારો ]

જે રૂપ તમને વહાલું લાગે તે રૂપનું ધ્યાન કરો પણ એટલું યાદ રાખવું કે બધી મૂર્તિ એક જ છે.

હું આંખો મીંચીને ધ્યાન કરતો. પછી એમ વિચારવા લાગ્યો કે આંખો બંધ કરીને ધ્યાન કરીએ તો ઈશ્વર છે તેવું ઉઘાડી આંખ રાખવાથી ઈશ્વરનું દર્શન ન થાય ? પછી આંખો ખુલ્લી રાખીને જોયું તો ઈશ્વર સર્વભૂતોમાં દેખાયા. મનુષ્ય, જીવજન્તુ, ઝાડપાન, ચંદ્રસૂર્ય બધામાં ઈશ્વર જલ સ્થલ સર્વભૂતોમાં છે.

ઉઘાડી આંખે પણ ધ્યાન થાય, વાતચીત થતી હોય તો પણ ધ્યાન થાય; દાંતનો દુઃખાવો થાય ત્યારે જેમ ત્યાં ધ્યાન રહે છે તેમ.

* * *

ઉંડા ધ્યાનમાં બાહ્યજ્ઞાનશૂન્ય થઈ જાય.

* * *

હું ધ્યાન વખતે નિષ્કંપ પ્રદીપશિખાનો આરોપ (કલ્પના) કરતો.

* * *

ધ્યાનમાં એવી એકાગ્રતા થાય છે કે કંઈ જોવામાં કે સાંભળવામાં ન આવે. સ્પર્શબોધ પણ રહેતો નથી. સાપ શરીર ઉપર ચડી જાય તોય ખબર ન પડે. ધ્યાન કરે તેને કે સર્પને પણ ખબર ન પડે.

ઉંડા ધ્યાનમાં ઈન્દ્રિયોના બધાં કાર્ય બંધ થઈ જાય છે. મન બહિર્મુખ રહેતું નથી. જાણે કમાડ ભીડાઈ ગયા ને રૂપ રસ વગેરે પાંચેય વિષયો બહાર રહી ગયા.



ધ્યાન વખતે ઈન્દ્રિયોના વિષયો પહેલાં સામે આવે છે. પણ ઉંડા ધ્યાનમાં અલોપ થઈ જાય. ધ્યાન કરતાં કરતાં મને કેટલીય વસ્તુઓનાં દર્શન થતાં—રૂપીઆ, શાલ, મીઠાઈનો થાળ, સ્ત્રીઓ વગેરે.

હું મનને પૂછતો, 'મન, તારે શું જોઈએ છે ? કંઈ ભોગની ઈચ્છા છે ?

મન કહેતું, "ના, કંઈ ઈચ્છા નથી. ઈશ્વરના ચરણ-કમળ સિવાય કશી ઈચ્છા નથી.'

* * *

પરોઢિયે અને સંધ્યા પછી હમેશા ધ્યાન કરવું સારૂં.

ધ્યાન હૃદયમાં કે સહસ્રારમાં કરવું એ શાસ્ત્રસંમત છે. તોપણ પોતાની અભિરૂચિ પ્રમાણે પણ ધ્યાન થાય. બધા સ્થાન બ્રહ્મનાજ છે-બ્રહ્મમયજ છે.

* * *

ધ્યાન વખતે કપાળમાં દૃષ્ટિ (ભ્રૂમધ્યદૃષ્ટિ) રાખવી જોઈએ. એ શિવયોગ થયો. તેમાં સ્વસ્વરૂપ ચિંતન કરવાનું હોય છે.

* * *

વિષ્ણુયોગમાં દૃષ્ટિ નાસાગ્રે રાખવાની હોય છે. અર્ધી જગત તરફ અને અર્ધી અંતર તરફ. સાકાર ધ્યાન એવી રીતે થાય.

* * *

નિરાકારમાં મન એકદમ સ્થિર થતું નથી તેથી પહેલા સાકાર ધ્યાન.

* * *

સાધુસંગથી ધ્યાનધારણા સહજ થાય.

[ મહેન્દ્રનાથ ગુપ્તના સંકલનના આધારે ]

# મહાયોગી અરવિંદની અમરકૃતિ–સાવિત્રી

(ગતાંકથી ચાલુ)

આશા ત્રિવેદી

હવે એ વધારે વિશાળ પ્રાણના રાજ્યમાં પ્રવેશે છે. આપણી મર્ત્યતાને કિનારે આ દેશ આવેલો છે. મર્ત્યતાને કિનારો એટલે જ પ્રાણ. આ ઉર્ધ્વનું દેવજીવન છે. પ્રાણચેતના પર રચાયેલું છે. આ ચેતના સ્વર્ગનું સંતાન છે. શોધ અને સર્જન એ એનું મહત્ત્વ છે. એટલે કે પ્રાણચેતના અનંતના ઉંડાણમાં રહેલાં નવાં નવાં સત્યોને પકડી લાવવા, નવા સત્ત્વો અને પ્રદેશોને જાણી લેવા અને આ સર્વને નવી રચનામાં ઢાળવાના કાર્યમાં મુખ્ય છે. આ મહિમાશાળી શક્તિ સ્વર્ગલોક–મૃત્યુલોક અને પાતાળ એ ત્રણેયમાં એક સમાન રીતે પ્રવર્તે છે. કોઇ પણ સર્જનમાં એનો ઓજસ્વી ફાળો છે. પોતાના દિવ્યધામથી વંચિત રહી જઈને, અંધકારમાં અનેક કષ્ટ સહીને આ પ્રાણશક્તિ પોતાનું કાર્ય કર્યે જ જાય છે. એના પ્રભાવથી જડમાં ચેતન અને ચેતનમાં વિચાર શક્તિ આવે છે. જ્યાં કશું જ નથી હોતું ત્યાં પણ એક સૃષ્ટિને સાકાર બનાવે છે. પોતાની જાદુઈ લાકડી વડે જાણે અસંખ્ય સત્ત્વોને, આકૃતિઓને અને દૃશ્યો-ને બોલાવી લાવે છે. સૂર્યો ને ગ્રહો એના માર્ગના દીવા માત્ર છે. પ્રાણશક્તિના આ સઘળાં કાર્યોની પાછળ એનો નિત્યનો પ્રેમી પ્રભુ છૂપાયેલો હોય છે. પ્રેમીને ખાતર એ અદૃષ્ટમાંથી દૃષ્ટમાં ઉતરી આવી છે. અહીં કપિલ ભગવાનના સાંખ્ય દર્શનમાં આવતી વાત શ્રીઅરવિંદે કાવ્યાત્મક રીતે કહી છે. "પ્રકૃતિએ પોતાના પ્રિય પુરુષને પ્રસન્ન કરવા માટે



બહુવિધ સૃષ્ટિની રચના કરી. પુરુષ અર્થાત્ આત્મા.

प्रकृति पुरुष विमोक्षार्थ स्वार्थं इव परार्थ आरंभः ॥

( સાંખ્ય. કા–૫૬ )

પ્રકૃતિ પુરુષની પરમ મુક્તિ અર્થે સર્જનમાં પ્રવૃત્ત થાય છે.

ઘણાં વિશ્વોને રચવાની શકિતથી એ સજ્જ છે, પરંતુ શાશ્વતને રચી શકતી નથી કે જેની એને સૌથી વધારે જરૂર છે. એના એ પ્રેમીના પ્રેમ ભાવમાં એનું હૃદય ઢળેલું છે. જગતના ઘોર અજ્ઞાન વચ્ચે પણ એના દૈવી કાર્યની અખંડ–યાત્રા કાળમાં ચાલુ જ રહેતી હોય છે. પ્રાણ–ચેતના-ના આ વિશાળ રાજ્યમાં ઉર્ધ્વના સત્યથી પ્રકાશતી એક ચેતનાનો અનુભવ અશ્વપતિને થાય છે, ચકરાવામાં નાખી દે એવાં સત્યનાં સેંકડો મુખ તેને દેખાયાં. આ જગતના જીવોને જીવવા માટે શરીરની જરૂર નથી હોતી, બાહ્ય વસ્તુઓ ત્યાં અનાવશ્યક છે. ત્યાંના સર્વ બળો પ્રાણની સેવા-માં હાજર રહે છે, કારણકે આ પ્રદેશ પ્રાણમય પ્રકૃતિથી રચાયેલો છે. આ ભૂમિકાએ પહોંચેલાં અજન્માનો અવાજ સાંભળી શકે છે. દરેક ત્યાં મહાનતાનું સ્વરૂપ છે, અને સ્વેચ્છાથી ઊંચે ચડે છે. દરેક ત્યાં પોતાનું નાનકડું રાજ્ય રચીને એના પર શાસન કરે છે. પૃથ્વીના જીવો સાથે એની સગાઇ છે સ્થૂળ કરતાં સૂક્ષ્મનું ગૌરવ અહીં વધારે છે. મનનો આધાર ઈન્દ્રિયોના કાર્ય પર નથી, પણ કોઇ અશરીરી શક્તિ જ શરીરને સ્ફૂર્તિથી ભરતી હોય છે. દૂર રહેલાંય પરસ્પર નજીકનો વ્યવહાર કરી શકે છે. પ્રેમ પ્રેમને આશ્લેષે છે. ચેતન ચેતનને જવાબ આપે છે. પોતપોતાના ઈષ્ટદેવને પસંદ કરીને તેઓ સત્ય અને અસત્યની લડાઈમાં જોડાય છે. પાપ કે પુણ્યના, નરક કે સ્વર્ગના પક્ષમાં રહી સંગ્રામ

શરૂ કરે છે. અર્થાત્ સઘળાં દ્વંદ્વયુક્ત સત્ત્વના કાર્યમાં તેઓની લીલા રહેલી છે. ગૂઢમાં રહેલું ત્યાં પ્રકટ રૂપમાં આવે છે છતાંય અહીં બધું અપૂર્ણ, અર્ધ જ્ઞાન વાળું અને અર્ધ સમાપ્તિવાળું છે. આદિ અને અંતનું રહસ્ય આ ભૂમિકામાં સાંપડતું નથી. અશ્વપતિની સામે જે કાંઈ પ્રગટ્યું હતું એના કરતાં બીજું કાંઈક વધુ ઢંકાયેલું હતું એ સર્વનો તાગ લેવા મથતો હતો, પણ ત્યાં સઘળું ગોટાળામાં નાખી દે એવું હતું. ઉર્ધ્વમાં દેવ જીવન અને નીચે કીટ, કૂર્મ અને વાનરમાંથી વિકાસ પામેલો અર્ધ–દેવ. પૃથ્વી અને સ્વર્ગલોકના વચ્ચેના ભાગમાં આ મહત્તર પ્રાણ ડામાડોળ સ્થિતિમાં રહે છે. વસ્તુમાત્રનું તથ્ય એનામાં સાચી રીતે હોય છે, છતાં ય આ એનું જ્ઞાન આંશિક જ હોય છે. સંતોષ અને શાંતિ એને ક્યાંય મળતાં નથી.

આ પ્રાણમય પ્રકૃતિની સાથે અશ્વપતિ એકરૂપ બની જાય છે, કારણકે એ અદ્ભૂત હતી, અને મહાન કાર્યો કરતી. એની જાદુગરી શકિતથી એ ભાવ–વિભોર બની ગયો. છતાંય અંદરમાં એનો આત્મા રડતો હતો. પોતે ધારેલા સત્યને એ પકડી શકતો ન હોતો. પ્રાણમય રૂપોમાં એ એક આત્માને અનુભવતો હતો, પણ બાહ્યમાં ક્યાંય એનું દર્શન મળતું ન હોતું. પ્રાણની શકિત એને ઘણાં માર્ગોમાં લઈ જતી હતી, પણ એકેય વિશ્વાસયુક્ત નહોતો. છતાંય કશું નિરર્થક તો હતું જ નહિ. પ્રભુનું બળ સર્વ બાબતમાં હયાત હોય છે, કારણકે પ્રકૃતિના અસંખ્ય રૂપોમાં પ્રભુ સંતાઇ રહેલો છે. પ્રાણમય પ્રકૃતિ પૃથ્વીને સ્વર્ગની પડોશણ બનાવવાનો સંકલ્પ અત્યંત શ્રમપૂર્વક સાધી રહી છે. અહીં શ્રીઅરવિંદની ભવ્ય ઇચ્છા સમસ્ત માનવ પ્રકૃતિનું દિવ્યતામાં રૂપાંતર કરવાની પ્રગટ થઇ છે.



અશ્વપતિને પ્રાણચેતનાની મોહકતા ફીક્કી લાગે છે. એના મહાન આત્માને ઉંડામાં ઉંડો આનંદ જોઇતો હતો. પ્રાણની ભૂલભૂલામણીમાંથી એ બહાર નીકળી જવા માગતો હતો, પણ જલ્દીથી માર્ગ મળતો નથી. વિશ્રાંતિની આશા પણ નકામી હતી, કારણકે આપણા જીવનોનો આરામ અનંતમાં છે, અને એનો અંત છે પરમાત્મ જીવનમાં. શ્રીઅરવિંદ અહીં વિશેષ રીતે કહે છે કે આપણને આપણાં આત્મસ્વરૂપનું હાલ સ્મરણ નથી. તેણે આપણી પૂંઠ લીધી છે. આપણે જેના સ્વરૂપમાં ઢળવાનું છે એ પરમાત્મા આપણને લોભાવી રહ્યો છે. આત્માનું રાજ્ય આપણે ગુમાવ્યું છે. પતંગ જેમ દીપ-શિખા માટે ઝંખે એ રીતે ઝંખના ભર્યા આપણે પ્રભુનો પરમાનંદ મેળવવા માટે વ્યગ્ર રહીએ છીએ. અને એના સનાતન સ્વરૂપના કાળના માર્ગ પર થતા આગમનની પ્રતીક્ષા કરીએ છીએ. જરૂર એક દિવસ પૃથ્વી ઉપર પ્રભુની પૂર્ણતા પ્રકટશે, પણ આ મંગલમય સમય આવે ત્યાં સુધી આપણી જીવનમૃત્યુની પરંપરા શરૂ જ રહેવાની. આ સર્ગના અંતમાં રાજા જગતનું સર્જન કોઇ એકાદ દેવની ભુલરૂપે થયું હોવાનું વિચારે છે, અથવા તો પરમાત્મા કાળના કાર્યોનું નિરીક્ષણ કરી રહ્યો હોવાનું માને છે.

પ્રાણના પ્રભાવમાંથી મુકત થઇ અશ્વપતિએ જ્ઞાન માટે શાન્ત અવસ્થા મેળવી. ખરેખર, વિશ્વની નિષ્ફળતા પાછળનું કારણ કયું છે તે શોધવા લાગ્યો. (ક્રમશઃ)

# રામકથા

શ્રી. યોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામ કથા ]

એ ભલેને પ્રલાપ કરે ને રામની સાથે લડવાની યોજના ઘડે. એમની યોજના ધૂળમાં મળશે અને એમના પ્રલાપ પ્રલાપ જ રહી જશે. રામનું સામર્થ્ય કેટલું બધું અનંત છે તેની માહિતી એમને નથી મળી લાગતી. એટલે જ એ જેમ ફાવે તેમ બકવાદ કરી રહ્યા છે. પરંતુ રામનું બળ જોશે એટલે એ ઠેકાણે આવી જશે.'

'રામને સાધારણ ક્ષત્રિય જેવા જાણીને એ એમને ડરાવવા ને દંડ દેવા' આવ્યા છે. પરંતુ એક રીતે જોતાં તો જે થયું છે તે સારું જ થયું છે રામને દંડ દેવા જતાં એ પોતે જ એવા કઠોર દંડનો ભોગ બનશે કે ક્ષત્રિયોનું નામ લેવાનું કે એમની પાછળ પડવાનું જ ભૂલી જશે.'

'રામ એમને પોતાના અસીમ સામર્થ્યનો થોડો ઘણો પરચો બતાવે તો ઘણું સારું.'

પરશુરામના શબ્દો સાંભળીને લક્ષ્મણની ઉત્તેજના જરાક વધી ગઈ, પરંતુ રામ એવા જ શાંત રહ્યા ને બોલ્યા : 'મુનિ શ્રેષ્ઠ, તમે નકામા રોષે ભરાયા છો. શંકરના ધનુષ્યને મેં તોડયું એમ કહેવા કરતાં એ ધનુષ્ય મારાથી આપો આપ તૂટી ગયું, એમ કહેવું જ બરાબર છે. ધનુષ્યને તોડવાની ઈચ્છા જરા પણ ન હતી. એને માટે મેં કોઈ વિશેષ પુરુષાર્થ પણ નથી કર્યો. હું તો ધનુષ્યને ઉઠાવવા માટે જ આગળ વધેલો. એને સ્પર્શ કરતાં વેંત એ એક રમકડાની પેઠે ઉપાડી શકાયું ને તૂટી ગયું. એમાં મારો દોષ જરા પણ નથી."



પરશુરામ જરા કડકાઈથી બોલ્યા : હું એવો ખુલાસો સાંભળવા માટે નથી આવ્યો, પરંતુ શક્તિનું પ્રદર્શન કરવા તથા કરાવવા માટે આવ્યો છું. મને બીજા સ્પષ્ટીકરણમાં રસ નથી પડતો. લક્ષ્મણે કહ્યું : શક્તિનું પ્રદર્શન કરવું તથા કરાવવાના કામમાં તમને રસ કેવી રીતે ને કયારથી પડયો? મને ખબર છે ત્યાં સુધી તો તમે બ્રહ્મર્ષિ છો; અને બ્રહ્મર્ષિનાં કર્મો શાસ્ત્રોએ જુદી જુદી જાતનાં કહી બતાવ્યાં છે. તે તો સર્વવિદિત છે. તમારે ખભે પરશુ શોભે છે એ દેખીને મને નવાઇ લાગે છે ને દુઃખ થાય છે. આવી નીતિ-રીતિમાં શાસ્ત્ર કયી મર્યાદાનું પાલન છે તે હું મંદબુદ્ધી હોવાથી કે ગમે તે કારણે પણ નથી સમજી શકતો.

'શાસ્ત્રોક્ત કર્મોના બંધનમાં તારે મને ઉપદેશ આપવાની જરૂર નથી.' પરશુરામ તાડુકી ઊઠયા : 'એ કર્મો સબંધી હું બરાબર જાણું છું. તથા મારો ધર્મ પણ સમજું છું. તું મને તારા કહ્યા પ્રમાણે ખરેખર બ્રહ્મર્ષિ માનતો હોત તો આવા જવાબદારી વગરનાં વચનો ના કહેત. હું તો રામના પરાક્રમની પરીક્ષા કરવા આવ્યો છું. તે છતાં તું તને રામ કરતાં વધારે પરાક્રમી માનતો હોય તથા તારા પરાક્રમની પરીક્ષા આપવા ચાહતો હોય તો હું તેને માટે તૈયાર છું. વિશ્વામિત્ર, આ વચ્ચે બોલનારો છોકરો કોણ છે?'

વિશ્વામિત્રે એનો પરિચય કરાવતાં કહ્યું : એ અયોધ્યાપતિ મહારાજા દશરથના પુત્ર રામનો નાનો ભાઈ લક્ષ્મણ છે. એનો સ્વભાવ સહેજ ઉતાવળો છે. તેથી તમે એના શબ્દોને ગંભીરતાથી ના લેતા તથા એ શબ્દોથી માઠું પણ ના લગાડતા. રામે ધનુષ્યનો ભંગ કરીને કોઇ અપરાધ નથી કર્યો. છતાં પણ એમનાથી જાણ્યે અજાણ્યે કોઈ અપરાધ થતો હોય તો તમે બ્રહ્મર્ષિ હોવાથી ઉદાર દિલે ક્ષમા કરો.

રાજા જનક બોલ્યા : ' ધનુષ્યના ભંગની આટલી નાની વાતમાં આવી રીતે રોષે ભરાઇ જવું બરાબર નથી લાગતું. રામ ભૂલેચૂકે પણ કોઈનો અપરાધ કરવાનો સ્વભાવ નથી ધરાવતા.'

' ધનુષ્યનો ભંગ કરીને મેં તમારો કે કોઈનો અપરાધ કર્યો હોય એવું મને નથી લાગતું. કોઈનો અપરાધ કરવાની વૃત્તિ મારી અંદર પહેલેથી પેદા નથી થતી. છતાં પણ મારો અપરાધ મને કહી બતાવવામાં આવશે તો હું ક્ષમા માગવા માટે સહેજ પણ સંકોચ વિના તૈયાર થઈશ.'

રામના વિનયયુક્ત શબ્દો સાંભળીને પરશુરામ બોલ્યા : ' તો પણ તમારે મને આજે તમારી શક્તિનો પરચો તો બતાવવો જ પડશે. શંકરના પ્રતાપી ધનુષ્યને તમે તોડી પાડયું એ હકીકત કાંઈ જેવી તેવી તો નથી જ. મોટા મોટા મહાવીરો પણ એને ઉપાડવામાં પાછા પડ્યા છે. એ ધનુષ્યનો મહિમા ઘણો મોટો છે.'

મહર્ષિ વિશ્વામિત્રે કહ્યું ' મુનિશ્રેષ્ઠ ! રામ શક્તિશાળી છે. પરંતુ પોતાની શક્તિનો પરચો જરૂર વગર કોઈને પણ નથી બતાવતા. એ શક્તિનો પરચો બતાવવાનો આગ્રહ શા માટે રાખો છો ? તમારી આગળ તો એ બાળક છે. તમારો જન્મ તો સ્વાધ્યાય વૃત્તિવાળા સર્વોત્તમ ભાર્ગવ કુળમાં થયો છે, તથા તમે એક મહાન યોગી, તપસ્વી તથા બ્રહ્મજ્ઞાની છો. રામની સાથે યુધ્ધે ચઢવાનો તો તમને વિચાર પણ ના આવવો જોઈએ. યુદ્ધ તો સમાનનું હોય. તમારુ ને રામનું યુદ્ધ શોભે જ નહિ.' (ક્રમશઃ)